# સ્વામિનારાયણ

## મહામંત્ર મહિમા







પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

સ્વામિનારાયણ

# સ્વામિનારાયણ
# મહામંત્ર મહિમા


**લેખનકાર્ય**

**સાહિત્ય લેખન વિભાગ**



**પ્રકાશક**

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**

**સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧**

સ્વામિનારાયણ

# સ્વામિનારાયણ
# મહામંત્ર મહિમા


**રજૂકર્તા** : શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક ગુરુદેવ
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ.બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

**આવૃત્તિ** : નવમી, માર્ચ–૨૦૨૬

## પ્રસ્તાવના

વ્હાલા મુક્તો,

ખૂબ પ્રેમભર્યા જય સ્વામિનારાયણ.


આધિ, વ્યાધિ અને ઉપાધિ દરેક વ્યક્તિના જીવનમાં હોય જ છે. કોઈને તનનું દુઃખ હોય, કોઈને મનનું દુઃખ હોય તો વળી કોઈને ધનનું દુઃખ હોય છે. આવી ઘણીબધી સમસ્યાઓ આપણને હેરાન-પરેશાન કરતી રહે છે. આ સમસ્યાઓને ટાળવાનો આપણે જેટલો પ્રયત્ન કરીએ છીએ તેટલી ને તેટલી આ સમસ્યાઓ આપણને વધુ પીડા આપે છે.

જીવનની આ બધી સમસ્યાઓમાંથી બહાર નીકળવા માટે કોઈ વિશેષ સાધન કે ઉપાય કરવાની જરૂર નથી. કારણ કે ભગવાન સ્વામિનારાયણે આ સમસ્યાઓનું સમાધાન કરવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય સ્વમુખે જણાવ્યો છે. આ સર્વશ્રેષ્ઠ ઉપાય એટલે 'સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન.

સંવત ૧૮૫૮, માગશર વદ એકાદશીના (તા. ૩૧-૧૨-૧૮૦૧ના) શુભ મંગલકારી દિવસે મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાને આ સર્વોપરી અને મહાપ્રતાપી એવા 'સ્વામિનારાયણ' મહામંત્રને સ્વમુખે પ્રકાશિત કર્યો. આ મહામંત્રના પ્રતાપથી સંસારની અનેક વિટંબણાઓ દૂર થાય છે; મરેલાં મડદાં બેઠાં થાય છે; ભૂતપ્રેતનું સંકટ ટળી જાય છે; મહાસંકટથી બચી શકાય છે; સદ્‌બુદ્ધિ જાગ્રત થાય છે; મહારોગ દૂર થઈ જાય છે; યમના દૂત ભાગી જાય છે અને અંતે મહાપ્રભુની દિવ્ય તેજોમય મૂર્તિ પ્રાપ્ત થાય છે. આ પુસ્તિકામાં સર્વોપરી 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા નિર્દેશિત કરવાનો અલ્પ પ્રયાસ કર્યો છે. આ પુસ્તિકા આપના જીવનમાં સુખ અને શાંતિની દીવાદાંડી સમાન બની રહે એવી મહાપ્રભુના દિવ્ય ચરણોમાં પ્રાર્થના...

એ જ લિ.
સાહિત્ય લેખન વિભાગના
જય સ્વામિનારાયણ...

# પ્રકાશિત આવૃત્તિની વિગત



## અનુક્રમણિકા


૧. પૂર્વ ઈતિહાસ ..................................................૦૧

૨. 'સ્વામિનારાયણ' મહામંત્ર પ્રાગટ્ય ............................૦૪

૩. શીતળદાસમાંથી થયા વ્યાપકાનંદ ...............................૦૮

૪. વચનામૃતમાં મહામંત્રનો મહિમા ................................૧૩

૫. સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં મહામંત્રનો મહિમા ...૧૪

૬. યમપુરી ખાલી કરાવી ..........................................૧૬

૭. મહામંત્રના પ્રતાપે થયો પ્રકાશ... પ્રકાશ.........................૧૮

૮. મહામંત્રના પ્રતાપે મરેલાં મડદાં બેઠાં થયાં

પ્રસંગ – ૧ ..................................................૧૯

પ્રસંગ – ૨ ..................................................૨૧

પ્રસંગ – ૩ ..................................................૨૧

પ્રસંગ – ૪ ..................................................૨૩

પ્રસંગ – ૫ ..................................................૨૪

પ્રસંગ – ૬ ..................................................૨૫

૯. મહામંત્રના પ્રતાપે ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ ટળ્યો

પ્રસંગ – ૧ ..................................................૨૭

પ્રસંગ – ૨ ..................................................૨૯

પ્રસંગ – ૩ ..................................................૩૧

૧૦. મહામંત્રના પ્રતાપે કાળા નાગનાં ઝેર ઊતર્યાં

પ્રસંગ – ૧ ........................................ ૩૨

પ્રસંગ – ૨ ........................................ ૩૩

પ્રસંગ – ૩ ........................................ ૩૩

પ્રસંગ – ૪ ........................................ ૩૪

પ્રસંગ – ૫ ........................................ ૩૪

**૧૧.** મહામંત્રના પ્રતાપે મહાસંક્ટમાંથી ઊગર્યા

પ્રસંગ – ૧ ........................................ ૩૬

પ્રસંગ – ૨ ........................................ ૩૮

પ્રસંગ – ૩ ........................................ ૪૦

**૧૨.** મહામંત્રના પ્રતાપે સદ્બુદ્ધિ જાગી .......................... ૪૧

**૧૩.** મહામંત્રના પ્રતાપે કામવાસના બળી ગઈ

પ્રસંગ – ૧ ........................................ ૪૩

પ્રસંગ – ૨ ........................................ ૪૫

પ્રસંગ – ૩ ........................................ ૪૬

**૧૪.** મહામંત્રના પ્રતાપે મહારોગ મટ્યા છે

પ્રસંગ – ૧ ........................................ ૪૭

પ્રસંગ – ૨ ........................................ ૪૮

**૧૫.** મહામંત્રના પ્રતાપે યમના દૂત ભાગ્યા

પ્રસંગ – ૧ ........................................ ૫૦

પ્રસંગ – ૨ ........................................ ૫૧

**૧૬.** સ્વામિનારાયણ મહામંત્ર મહાત્મ્યનાં કૃપાવચનો ............ ૫૪

**૧૭.** સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરવાનાં સાધનો........... ૫૭

# ૧ પૂર્વ ઈતિહાસ

અનંતાનંત જીવોને તથા ઐશ્વર્યાર્થી અને તેમના ભક્તોને પોતાના સર્વોપરી સ્વરૂપની પ્રાપ્તિ કરાવી, પોતાની મૂર્તિના સુખભોક્તા કરવા સર્વોપરી, સનાતન ભગવાન સ્વામિનારાયણ કેવળ કૃપા કરી સંવત ૧૮૩૭, ચૈત્ર સુદ નવમીના (તા. ૩-૪-૧૭૮૧) રોજ છપૈયા ગામે પ્રગટ થયા. એટલે કે અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપ્યાં. અવરભાવમાં ધર્મપિતા અને ભક્તિમાતાને ત્યાં બાળ ઘનશ્યામ સ્વરૂપે મહાપ્રભુએ સૌને દર્શન આપ્યાં.

બાળસખા, સગાંસંબંધી અને માતાપિતાને બાલ્યાવસ્થામાં અનેક દિવ્ય ચરિત્રો બતાવી ખૂબ સુખ આપ્યું. કાલિદત્ત જેવા અસુરનો નાશ કર્યો. આઠ વર્ષની ઉંમરે યજ્ઞોપવીત ધારણ કરી, સકળ શાસ્ત્રોનો અભ્યાસ નાની ઉંમરે કરી લીધો. અગિયાર વર્ષની નાનકડી વયે તો કાશીમાં મહાન પંડિતોની સભામાં દિગ્વિજય કર્યો. ધર્મપિતા તથા ભક્તિમાતાને પોતાનું સ્વરૂપ ઓળખાવી પોતાની મૂર્તિના સુખે સુખિયા કર્યાં. પણ હવે મહાપ્રભુ ઘનશ્યામ જે હેતુ માટે પધાર્યા હતા તે જલદી સિદ્ધ કરવા ઉતાવળા બન્યા હતા. અને એટલે જ સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમે (તા.૨૯-૬-૧૭૯૨) પોતે ગૃહત્યાગ કર્યો.

વરસતા ધોધમાર વરસાદમાં, શિયાળાની કડકડતી ઠંડીમાં તેમ જ

ઉનાળાના ધોમધખતા તાપમાંય, ટાઢ-તડકો-વર્ષા, ભૂખ તેમજ તરસ વેઠીને માત્ર કૌપીનભેર ઉઘાડે શરીરે અને ઉઘાડે ચરણે ચાલીને હિમાલયના ઉત્તુંગ શિખરોમાં વિચરણ કર્યું. પુલહાશ્રમમાં પણ છ માસ રોકાઈ આકરું તપ કરી સૌ ભક્તોને તપની રીત શિખવાડી. ગોપાળયોગીને અષ્ટાંગયોગ શીખવવાની સેવા આપી તેમને દિવ્ય ગતિ આપી અને આગળ જતાં નવ લાખ યોગીઓને નવ લાખ રૂપે દર્શન આપી, તેમના આકરા તપનું ફળ આપી તેમનું આત્યંતિક કલ્યાણ કર્યું. આમ પામર, પતિત, અધમ, મુમુક્ષુઓ તથા પશુ-પંખી આ સૌનાં કલ્યાણ કરતાં અને અનંત તીર્થોને તીર્થત્વ આપતાં **નીલકંઠ વર્ણી** નામે ઓળખાતા આ વર્ણી ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં તીર્થાટન કરતાં કરતાં કાઠિયાવાડની સોરઠની ભૂમિ પર આવેલા લોજ ગામે, આ.સં. ૧૮૫૬ના શ્રાવણ વદિ છઠ્ઠને દિવસે (તા. ૨૧-૮-૧૭૯૯) પધાર્યા અને ત્યાં સદ્. મુક્તાનંદ સ્વામી ભેળા સદ્. રામાનંદ સ્વામીના આશ્રમમાં રહ્યા. દસ મહિના પછી સદ્. રામાનંદ સ્વામીનો મેળાપ પીપલાણા ગામે થયો. ત્યાં એમને ગુરુ કર્યા ને સંવત ૧૮૫૭ની પ્રબોધિની એકાદશીએ (તા. ૨૮-૧૦-૧૮૦૦) મહાદીક્ષા ગ્રહણ કરી ગુરુ રામાનંદ સ્વામી થકી **સહજાનંદ સ્વામી** તથા **નારાયણ મુનિ** નામ ધારણ કર્યાં.

ગુરુ રામાનંદ સ્વામી તો હવે જે સમયની રાહ જોતા હતા તે નજીક આવી રહ્યો હતો. પોતે હંમેશાં પોતાના શિષ્ય વર્ગને કહેતા કે, **"અમે તો માત્ર ડુગડુગી વગાડનારા છીએ, ખરા ખેલ ભજવનારા તો હવે આવશે."** આ ખરા ખેલ ભજવનારા એટલે સત્સંગના ધણી **સહજાનંદ સ્વામી** આવી ગયા હતા. તેથી રામાનંદ સ્વામીએ પોતાના તમામ ત્યાગી-ગૃહી શિષ્ય વર્ગને એકત્રિત કરી, જેતપુરમાં ઉન્નડખાચરના દરબારમાં ખૂબ ધામધૂમથી સંવત ૧૮૫૮ના કારતક સુદ એકાદશીના (પ્રબોધિની એકાદશી તા. ૧૬-૧૧-૧૮૦૧ના) મંગલકારી દિને મહાપ્રભુને પોતાની ધર્મધુરા સોંપી પટ્ટાભિષેક કર્યો ને પોતાના જ સ્વહસ્તે આ સહજાનંદ સ્વામીને વસ્ત્ર, અલંકારો ધારણ

કરાવી પોતે આરતી ઉતારી અને સૌ સંતો-ભક્તોને ઉદ્દેશીને વાત કરી જે :

"હે વ્હાલા સંતો અને દેશદેશથી આવેલા હે ભક્તજનો ! સહુ ચિત્ત દઈને સાંભળજો. આ સહજાનંદ સ્વામી બહુ સમર્થ, સર્વોપરી ભગવાન છે. પોતે સર્વ કારણના કારણ છે. ક્ષર-અક્ષરથી પર અને તેથી ન્યારા છે. અનંત ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ અને અક્ષરકોટિને પોતાની અન્વય શક્તિએ કરીને ધરી રહ્યા છે. આ સૌના તેમજ વ્યતિરેકપણે સર્વે મુક્તોના કારણ, દાતા, નિયંતા અને સ્વામી છે. મારા જેવા અનંત સેવકો તેમની અહોનિશ સેવા-પ્રાર્થના કરે છે. માટે એમનો મહિમા જેટલો સમજાય એટલો સમજી લેજો. એમની આજ્ઞામાં વર્તજો. જેમ કહે તેમ રાજી કરવાના પ્રયત્નો કરજો. અને ભલા થઈને તેમને વિષે ક્યારેય માયાનો કે મનુષ્યપણાનો કોઈ ભાવ પરઠશો મા."

હવે ગુરુ રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીના કાર્યને આગળ ધપાવવા માગતા હતા તેથી થોડા દિવસમાં જ અર્થાત્ સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરસના (તા. ૧૮-૧૨-૧૮૦૧ ને શુક્રવારના) રોજ ફણેણી મુકામે પોતાનું અવતરણ-કાર્ય પૂર્ણ કરી દેખાતો અવરભાવ અદશ્ય કર્યો.

# ૨ ‘સ્વામિનારાયણ’ મહામંત્ર પ્રાગટ્ય

ગુરુ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછીનો એમના ચૌદમાનો મહા મંગલકારી દિન એટલે સંવત ૧૮૫૮, માગશર વદિ એકાદશી (તા. ૩૧-૧૨-૧૮૦૧). સવારમાં સૌ સંતો-ભક્તો, પાળા-વર્ણી સૌને વિશાળ સભાના રૂપમાં એકત્ર કર્યા ને પોતે ગુરુ રામાનંદ સ્વામીએ સોંપેલા ઊંચા આસનને ગ્રહણ કરી સૌને સંબોધીને ઉદ્‌બોધન કર્યું કે,

“વ્હાલા સંતો તથા વ્હાલા સૌ હરિભક્તો, આપ સૌ ત્યાગી, ગૃહી, બ્રહ્મચારી આદિ પોતપોતાના ધર્મમાં ખબડદાર થઈને રહેજો. એમાં અમારો ખૂબ રાજીપો છે. પણ...

હે સંતો, હે ભક્તો, આજ સુધી સત્સંગમાં સૌ જુદા જુદા નામોથી ભજન-માળા આદિ કરો છો પણ એક જ સંપ્રદાયના સૌ કોઈ ભક્તોનું ભજન તો એક જ મંત્રથી થાય તે જ ઉચિત ગણાય. તો આજે એવા એક સર્વોપરી મંત્રનો અમો ઉદ્‌ઘોષ કરીએ છીએ કે જે મંત્ર નહિ પણ મહામંત્ર હશે. જે મંત્રને આપ ધ્યાનથી સાંભળો અને હવે પછી માળામાં, ભજનમાં, ધૂન્યમાં એ જ મહામંત્રનો જાપ કરજો. બીજા અનંત મંત્રો જપે તોપણ આ મહામંત્રની તુલ્ય ન આવે એવો

આ રહ્યો એ સર્વોપરી મહામંત્ર. તો સાંભળો વ્હાલા ભક્તો, સાંભળો :

**"વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્;**
**અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.**
**માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં તેહ;**
**કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર.**
**વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;**
**સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણ મુનિ નામ.**
**રૂડું ઘનશ્યામ નામ જેહ, માતાપિતા કહેતાં કરી સ્નેહ;**
**એમ નામ અમારાં તે બહુ, પાડ્યાં નોખાં નોખાં જને સહુ.**
**પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;**
**કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી."**

હે વ્હાલા ભક્તો, આજ સુધી અમારાં ઘણાં નામ પડ્યાં છે જેમ કે, નાના હતા ત્યારે ધર્મપિતાને ઘેર આવેલા માર્કંડ ઋષિએ અમારું નામકરણ કરતાં કહેલું કે, આ સૌના ચિત્તને આકર્ષણ પમાડશે માટે તેજસ્વી પુત્રનું નામ **'કૃષ્ણ'** રાખો. વળી, અનંતની વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં હરી લેશે માટે **'હરિ'** રાખો ને એ બંને ગુણ ભેગા થાય તો હરિકૃષ્ણ બને તે માટે **'હરિકૃષ્ણ'** રાખો અને તપ, ત્યાગ ને વૈરાગ્યમય એવું એમનું જીવન હશે માટે **'નીલકંઠ'** નામ રાખો. વળી નાનપણમાં અમારાં મિત્રો અને માતાપિતા સૌ અમને **'ઘનશ્યામ'** નામથી બોલાવતા. તો ગુરુ રામાનંદ સ્વામીએ અમને **'સહજાનંદ'** અને **'નારાયણ મુનિ'** નામથી ઓળખાવ્યા. પણ અમારું મુખ્ય સર્વોપરી નામ હજુ કોઈનાય હાથમાં આવ્યું નથી જે અમે આજે પ્રકાશિત કરીએ છીએ. તો સહુ એકાગ્ર ચિત્તે સાંભળો :

**"હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;**
**સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ.**
**બીજાં નામ લે કોઈ અપાર, તોયે આવે નહિ એની હાર;**

**સ્વામિનારાયણ નામ સાર, લીયે એક વાર નિરધાર.**
**તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;**
**માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી.**
**સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;**
**સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી."**
**– પુરુષોત્તમ લીલામૃત સુખસાગર : તરંગ ૧૩**

અર્થાત્ હે સંતો, હે ભક્તો...

નારાયણ નામ તો ઘણાં છે. પરંતુ **સૌ નારાયણમાત્રના અમો સ્વામી છીએ ને નિયંતા છીએ માટે અમારું ખરું નામ 'સ્વામિનારાયણ' છે,** તેનું આજથી સૌ કોઈ ભજન અને જપ કરજો.

વળી હે વ્હાલા ભક્તો...

'સ્વા...મિ...ના...રા...ય...ણ...' આ ષડાક્ષરી મહામંત્રનો કેવો પ્રૌઢ પ્રતાપ છે કે :

કોઈ બીજાં હજારો નામ જપે અને આ સ્વામિનારાયણ મહામંત્રનો એક વાર જપ જપે તોપણ એને તુલ્ય તે ન આવે. વળી, ગમે તેવું સંકટ કે દુઃખ આવે ત્યારે આ મહામંત્રનો જપ કરતાં સર્વ દુઃખમાત્રનો વિરામ થશે. વળી, ગમે તેવા ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે પણ આ મંત્રથી તે આસુરી તત્ત્વો બળીને ભસ્મીભૂત થશે. આ મંત્ર જપનારને જમનું તેડું નહિ આવે. એટલું જ નહિ, પણ સર્વ પાપમાત્રનો પ્રલય કરનારો આ મહામંત્ર રહેશે. તો સુણો ભક્તો સુણો :

**જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;**
**છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આ જ ગણાય એક.**
**જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં અપાર;**
**જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું.**
**ષડાક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;**

સુખી કરે સંકટ સર્વ કાપે, છતે દેહે મૂર્તિધામ આપે.
બીજા સૌથી અનંતગણો વિશેષ, જાણે નહિ જેનો મહિમા અક્ષરેશ;
જ્યાં જ્યાં મહા મુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય.
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.
ષડાક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્ય સ્મરવું સનેહે;
જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.
જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતા, લાજી મરે છે મુખથી કહેતા.
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું ?

— શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૩

વળી, આ જ મંગલકારી દિને એક અદ્‌ભુત ચમત્કાર થયો...

# 3 શીતળદાસમાંથી થયા વ્યાપકાનંદ

ઝરણાં-પરણાં ગામના શીતળદાસ નામના વૈરાગી ગુરુ રામાનંદ સ્વામીનો પ્રભાવ સાંભળી દર્શન કરવા ફણેણી મુકામે આવ્યા. ત્યાં એમણે જાણ્યું કે, સ્વામી તો આ લોકમાંથી દેહત્યાગ કરી ધામમાં પધાર્યા છે. તેથી તેઓએ તો ત્યાંથી જવાની તૈયારી કરી, ત્યારે **સહજાનંદ સ્વામી** બોલ્યા કે, ''હે શીતળદાસ, આપ જવાની ઉતાવળ કેમ કરો છો ?''

ત્યારે શીતળદાસે કહ્યું, ''હે **સહજાનંદ સ્વામી**, મેં સાંભળેલું કે ભગવાનનો અવતાર રામાનંદ સ્વામી રૂપે થયો છે. તેવું જાણીને હું એમનાં દર્શન કરવા આવ્યો હતો પણ તેઓ તો આ લોકમાંથી સિધાવી ગયા છે. માટે હવે બીજા તીર્થોમાં જઈને ભગવાનની શોધ કરીશ.''

ત્યારે મહાપ્રભુ ભગવાન **સ્વામિનારાયણ** બોલ્યા,''હે શીતળદાસ, ધીરજ રાખો, ઉતાવળા ન થશો. આપને ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન જ કરવાં છે ને..! આવો, ને બેસો અમારી સામે. કરો આ મહામંત્રનો જપ... **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.'**

હે શીતળદાસ, અમોએ હમણાં જ જણાવ્યું કે,

**ષડાક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;**

**સુખી કરે સંકટ સર્વ કાપે, છતે દેહે મૂર્તિધામ આપે.**

તો હે શીતળદાસ, આપ આ મહામંત્રનું એકાગ્રતાથી નેત્ર બંધ કરી ભજન કરો. આપને ગુરુવર્ય રામાનંદ સ્વામીનાં જરૂર દર્શન થશે.''

આમ, મહાપ્રભુનો આદેશ થતાં જ શીતળદાસજીએ એકાગ્ર ચિત્તે **"સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..."** મહામંત્રનો જપ ચાલુ કર્યો અને ત્યાં તો તત્કાળ આ શીતળદાસજીને મહાપ્રભુની કૃપાથી થઈ ગઈ સમાધિ. સમાધિમાં તેમને મહાપ્રભુએ અક્ષરધામનાં દિવ્ય દર્શન કરાવ્યાં. ત્યાં એમણે શું જોયું ?

જે મહાપ્રભુ ભગવાન **સ્વામિનારાયણનાં** ફણેણીમાં દર્શન થતાં'તાં એ જ મહારાજનાં અહીં દિવ્ય તેજ તેજના અંબાર મધ્યે દર્શન થયાં. એ દિવ્ય તેજોમય મહારાજની એક બાજુ અનંત ઐશ્વર્યાથી મહાપ્રભુની સ્તુતિ કરતા હાથ જોડીને ઊભેલા જોયા. જ્યારે બીજી બાજુ સદ્. રામાનંદ સ્વામી આદિ અનંત મુક્તો પણ મહાપ્રભુની સ્તુતિ કરતા ઊભા હતા.

ત્યાં તો શ્રીજીમહારાજ બોલ્યા, ''આવો... આવો... શીતળદાસ, લ્યો આ ચંદન ને કરો અમારી પૂજા.'' જ્યાં શીતળદાસ મહાપ્રભુની પૂજા કરવા જાય છે ત્યાં તો શ્રીજીમહારાજ બોલ્યા, ''શીતળદાસ, જુઓ અમારી એકની નહિ પણ આ અનંત મુક્તોની અને અનંત ઐશ્વર્યાર્થીની પૂજા પણ એકસાથે કરો.''

''અરે ! મહારાજ, એકસાથે આટલાં બધાં સ્વરૂપોનું પૂજન તો કેમ થાય ?'' શીતળદાસે હાથ જોડી મહારાજને પૂછ્યું.

ત્યાં તો શ્રીજીમહારાજે કહ્યું જે, ''હે શીતળદાસ, તમો એક સંકલ્પ કરો કે ગુરુવર્ય રામાનંદ સ્વામી જો પુરુષોત્તમનારાયણ હોય તો મારાં અનંત રૂપ થાય ને એકસાથે આ બધા મુક્તોનું હું પૂજન કરી શકું.''

પછી શીતળદાસ બોલ્યા, ''હે ગુરુવર્ય રામાનંદ સ્વામી, આપ જો સર્વોપરી ભગવાન હોય તો મારાં અનંત રૂપ થાય ને એકીસાથે બધાનું પૂજન કરું.''

પણ...પણ... નિરર્થક. શીતળદાસનો સંકલ્પ પૂરો ન થયો.

ત્યારે શ્રીજીમહારાજે ફરી કહ્યું જે, ''હે શીતળદાસ, હવે એમ સંકલ્પ

કરો કે, આમાંથી કોઈ ઐશ્વર્યાર્થી જો સર્વોપરી ભગવાન હોય તો મારાં અનંત રૂપ થાય ને એકીસાથે હું બધા ઐશ્વર્યાર્થીનું પૂજન કરી શકું.''

શીતળદાસજીએ તુરત એ મુજબ સંકલ્પ કર્યો પણ એમાંય તેઓ સફળ ન થયા. પછી મહાપ્રભુએ કહ્યું જે, ''હવે સંકલ્પ કરો કે, આ સહજાનંદ સ્વામી જો સર્વોપરી ભગવાન હોય તો મારાં અનંત રૂપ થાય.'' અને આમ સંકલ્પ કરતાંની સાથે જ શીતળદાસનાં અનંત રૂપ થયાં ને તેમણે એકીસાથે અનંત ઐશ્વર્યાર્થીની તથા અનંત મુક્તોની પૂજા કરી. તેથી 'શ્રીહરિલીલામૃતમ્' ગ્રંથના પાંચમા કળશના ત્રીજા વિશ્રામમાં કહ્યું છે :

**"શીતળદાસે ધારિયું, સ્વામી આ છે સહજાનંદ;**
**તે પુરુષોત્તમ હોય તો, મારાં થાય સ્વરૂપનાં વૃંદ.**
**તે સમે શીતળદાસનાં, ત્યાં તો રૂપ થયાં અગણિત;**
**અનંત મુક્તની એક ક્ષણમાં, પૂજા કરી ધરી પ્રીત."**

આમ, અનંત મુક્તોની સાથે શીતળદાસે ગુરુવર્ય રામાનંદ સ્વામીનું પણ પૂજન કર્યું અને કહ્યું જે, ''હે ગુરુવર્ય રામાનંદ સ્વામી, હું તો આપને ભગવાન જાણીને દર્શન કરવા આવ્યો હતો.'' ત્યાં તો રામાનંદ સ્વામી બોલ્યા જે :

**"સુણી બોલ્યા રામાનંદ સ્વામી, ભગવાન તો અક્ષરધામી;**
**તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ.**
**સર્વ અવતારના અવતારી, સરવોપરી વિશ્વવિહારી;**
**હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ."**

**— શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૩**

આવું દિવ્ય આશ્ચર્ય જોઈ શીતળદાસે મહાપ્રભુને સર્વોપરી ભગવાન જાણ્યા ને જ્યાં સમાધિ ઊતરી ત્યાં મનુષ્ય રૂપે ફણેણીમાં સભા મધ્યે બિરાજેલા સહજાનંદ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સૌ સભાજનોને કહ્યું જે, ''હે સંતો-ભક્તો, આ સહજાનંદ સ્વામી, **સ્વામિનારાયણ** ભગવાન જ સર્વોપરી ભગવાન છે, પણ ગુરુવર્ય રામાનંદ સ્વામી નહીં.''

સૌ સભાજનો શીતળદાસનાં આવાં વેણ સાંભળી મહાપ્રભુને પ્રાર્થી રહ્યા જે, ''હે **સહજાનંદ સ્વામી**, અમને પણ સમાધિમાં આપના અક્ષરધામનાં તથા

ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરાવો.''

શ્રીહરિએ સૌની પાસે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આ મહામંત્રની ધૂન્ય શરૂ કરાવી અને ત્યાં તો થઈ ગઈ સૌને સમાધિ. અને સમાધિમાં જેમ શીતળદાસે રામાનંદ સ્વામીને સહજાનંદ સ્વામીની સ્તુતિ ને સેવા કરતા જોયેલા; એવાં જ સૌને દર્શન થયાં. અને સમાધિ ઊતરતાં સૌ મહાપ્રભુને સર્વોપરી ભગવાન સમજી, તે દિવસથી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા.

ત્યારપછી એ જ દિવસે શીતળદાસે મહારાજને પ્રાર્થના કરી કે, ''હે પ્રભુ ! મને હવે આપનો સાધુ કરો.'' અને આજે જ મહાપ્રભુએ ધર્મધુરા સંભાળ્યા પછી પોતાના દિવ્ય હસ્તે સૌપ્રથમ દીક્ષા આપી આ શીતળદાસને.

જે શીતળદાસ મટી હવે બન્યા **સ્વામી વ્યાપકાનંદ.**

**આમ, આ મંગળકારી દિવસથી...**

૧. પોતાના સર્વોપરી **'સ્વામિનારાયણ'** મંત્રનું ભજન ચાલુ થયું.
૨. સંપ્રદાય **'સ્વામિનારાયણ સંપ્રદાય'**ના નામથી ઓળખાયો અર્થાત્ **'સ્વામિનારાયણ'** નામે સંપ્રદાયનું પ્રાગટ્ય આજે થયું.
૩. મહાપ્રભુએ પોતાના સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવવાનો પ્રારંભ આજથી કર્યો.
૪. સૌપ્રથમ શ્રીજીમહારાજે ધર્મધુરા સંભાળીને વિશાળ સભાને પહેલવહેલી સંબોધી આજે.
૫. સૌપ્રથમ **'સ્વામિનારાયણ'** મહામંત્રથી સમાધિ પ્રકરણનો પ્રારંભ કર્યો આજથી.
૬. ધર્મધુરા સંભાળ્યા પછી સૌપ્રથમ સંતની દીક્ષા આપવાનો પ્રારંભ પણ કર્યો આજે.

એમ આજના આ મહા મંગલકારી દિનને ધન્ય હો... ધન્ય હો...

સૌ સંતો-ભક્તો મહાપ્રભુના આ સર્વોપરી મહામંત્રના ઉદ્‌ઘોષથી ખૂબ આનંદિત થયા. કારણ કે પૂર્વે કોઈએ પોતે પોતાનું નામ પાડ્યું ન હતું. જ્યારે આ સર્વ કારણના કારણ સ્વરૂપે તો આ મહામંત્ર પોતાના મુખકમળમાંથી

પ્રકાશિત કરી આપ્યો. એ જ સૌના હૈયે હરખ હતો. એટલે જ કહ્યું કે,

**સ્વસ્વામિનારાયણનામમંત્રં સ્વયં દિશન્તં ભવપારયંત્રમ્ ।**
**પ્રૌઢ પ્રતાપાશ્રિતલોકતંત્રં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥**

અર્થાત્ સંસારથી ઉદ્ધારનાર શ્રી સ્વામિનારાયણ મંત્રને શ્રીમુખે પ્રકાશિત કરનાર અને પોતાના પ્રૌઢ પ્રતાપે કરીને લોક સમસ્તને આશ્રય આપનારા એવા શ્રી **સ્વામિનારાયણ** ભગવાનને હું નમસ્કાર કરું છું.

# ૪ વચનામૃતમાં મહામંત્રનો મહિમા

આવા આ અદ્‌ભુત મહામંત્રનો મહિમા સ્વયં શ્રીજીમહારાજે વચનામૃત ગ્રંથમાં પણ કહ્યો છે :

**(૧) ગઢડા પ્રથમનું ૫૬મું વચનામૃત**

**"ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને, બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું."**

**(૨) લોયાનું ૬ઠ્ઠું વચનામૃત**

શ્રીજીમહારાજે જ અહીં પ્રશ્ન કર્યો છે જે, "ભગવાનનું ધ્યાન કરતે થકે... ભૂંડા ઘાટ ઊઠવા લાગે ત્યારે તે ઘાટ કેમ ટાળવા ?" ત્યારે પોતે જ ઉત્તર કર્યો છે જે, **"જ્યારે એવા ભૂંડા ઘાટ થાવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઊંચે સ્વરે નિર્લજ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવું ને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેમની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી."**

**(૩) જેતલપુરનું ૩જું વચનામૃત**

**"દુષ્ટ વાસના ટાળવાનો તો એ ઉપાય છે જે જ્યારે વર્તમાનથી બાહેર સંકલ્પ થાય, તથા કોઈ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય, ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એમ વારંવાર પોકારીને નામ ઉચ્ચારણ કરવું."**

# ૫ સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં મહામંત્રનો મહિમા

### (૧) પ્રકરણ-૧, વાર્તા-૧૫૪

**"સ્વામિનારાયણ નામનો મંત્ર, એ જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે, ને એ મંત્રે વિષય ઊડી જાય ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ ને માયાનું બંધન છૂટી જાય છે એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું."**

### (૨) પ્રકરણ-૧, વાર્તા-૨૭૨

"મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર કર્યો જે, 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય."

આવો મુક્તો, આપણેય આ સર્વોપરી મહામંત્રનો અખંડ જપ કરવાની ટેવ પાડીએ કે જેથી :

૧. અંતરની મલિન વાસનાઓનો પ્રલય થતો જાય.
૨. ઈન્દ્રિયો-અંતઃકરણ પાપથી રહિત શુદ્ધ અને પવિત્ર થાય.
૩. અન્યના અભાવ અને અવગુણથી રહિત થઈ વર્તાય.
૪. ગમે તેવાં સંકટ કે વિઘ્નો આવવાનાં હોય તો તેથી મહારાજ રક્ષા કરે.

૫. હૈયું નિર્મળ ને કોમળ બનતું જાય તો ભગવાનનાં ધ્યાન-ભજનનું અધિક અધિક સુખ આવે.

આવું પાપહરણ અને સુખદાયક નામ વધુ લેવાશે એમાં ફાયદા જ છે, નુકસાન તો નથી જ.

આવો, જોઈએ કેવા કેવા અદ્‌ભુત ચમત્કારો સર્જાય છે આ સર્વોપરી 'સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે !

## ૬ યમપુરી ખાલી કરાવી

એક વખત મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન કાલવાણી ગામે સંતો-ભક્તોની સભા કરીને બિરાજેલા. ત્યાં એક ભીમભાઈ નામના ભક્તે મહાપ્રભુને પ્રાર્થના કરી જે, ‘‘હે મહારાજ, આ લોકમાં કોઈ રાજાનો રાજ્યાભિષેક થાય ત્યારે તમામ કેદીઓને મુક્ત કરી દે છે. તો આપ તો અક્ષરધામના અધિપતિ છો. આપનો આ પટ્ટાભિષેક થયો ને આપ ગાદીએ બિરાજમાન થયા તો આપ કોઈ સંતને યમપુરીમાં મોકલી, ત્યાં પીડાતા બિચારા અનંત જીવોને શું છોડાવી ન શકો ? દયાળુ, આપ તો મહાસમર્થ છો તો આ સૌ યમપુરીમાં પીડાતા જીવો પર દયા કરો, પ્રભુ.. દયા કરો.’’

ત્યારે આ પ્રેમીભક્તની પ્રાર્થના સાંભળી શ્રીજીમહારાજે સદ્. શ્રી સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, ‘‘હે સ્વામી, આપ સમાધિ કરી યમપુરીમાં જઈને ત્યાં અમારા આ **‘સ્વામિનારાયણ...’** મહામંત્રના જાપથી સૌ નરક કુંડમાં પીડાતા જીવોને બહાર કાઢી, ધામમાં મોકલી દો.’’

આમ કહી સ્વામીને મહારાજે સામે બેસાડી કરાવી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય. ત્યાં તો સ્વામીને થઈ ગઈ સમાધિ. ને સમાધિમાં સદ્. સ્વરૂપાનંદ સ્વામી મહારાજની આજ્ઞા મુજબ **‘સ્વામિનારાયણ...**

**સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** આ મહામંત્રના પ્રતાપે યમપુરીમાં અનંત યાતનાઓ ભોગવનાર જીવોને યમપુરીમાંથી મુક્ત કરી, ધામમાં મોકલી પાછા આવ્યા ને સમાધિમાંથી ઊઠી સૌને આ વાત કરી.

મહાપ્રભુ શ્રીહરિ આ સાંભળી ખૂબ રાજી થયા.

વાહ પ્રભુ, વાહ ! આપના આ અલૌકિક નામનો કેવો અલૌકિક પ્રતાપ !

## ૭ મહામંત્રના પ્રતાપે

## થયો પ્રકાશ... પ્રકાશ...

એક વખત મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં સભા કરીને બિરાજેલા. ત્યારે સદ્. શ્રી નૃસિંહાનંદ સ્વામીએ વાત કરી જે, "હે મહારાજ ! હું સત્સંગમાં આવ્યો એ પહેલાં પરોક્ષના મંદિરમાં પૂજારી તરીકે સેવા કરતો. એમાં એક દિવસ એક વૈરાગી આવીને મને કહેવા લાગ્યા જે, હમણાં ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતમાં સ્વામિનારાયણ નામના ભગવાન પ્રગટ વિચરે છે... એમ વાત કરતાં કરતાં જ્યારે જ્યારે વાતમાં 'સ્વામિનારાયણ...' શબ્દ આવે ત્યાં તો સમગ્ર મંદિરમાં પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ પથરાઈ જતો.

આવું બે-ત્રણ વખત સાંભળતાં ને જોતાં મને વિચાર થયો જે જેનું માત્ર નામ લેવાથી આટલો પ્રકાશ થાય છે તો એ ભગવાન સ્વયં કેવા હશે ! એવો મહિમા સમજીને હે દયાળુ, હું ત્યાંથી નીકળી ગયો ને શોધતાં શોધતાં આપનો અહીં ભેટો થયો. માટે હે દયાળુ, આજે સમજાય છે કે આપે મારી પર કેવી અનહદ કૃપા કરી છે !"

:

# ૮ મહામંત્રના પ્રતાપે મરેલાં મડદાં બેઠાં થયાં

## પ્રસંગ-૧

ઝીંઝાવદર નામનું ગામ. અલૈયાખાચર અહીંના બળિયા ભક્ત, જેમને ઘેર એક સમયે શ્રીજીમહારાજ પધારેલા. તેમણે શ્રીજીમહારાજની, સંતોની ને ભક્તોની ખૂબ સેવા કરી. શ્રીજીમહારાજે અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ આપી દીધો કે, ''જાવ અલૈયાખાચર, તમારી આ ડેલીમાં જેનો દેહ પડશે તેને અમે અમારા ધામમાં તેડી જઈશું.''

અલૈયાખાચરને મહાપ્રભુના આ વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો જ કે શ્રીજીમહારાજનો આશીર્વાદ કદી ખોટો ન પડે. એમાં એક વખત અલૈયાખાચરનો ચાકર (નોકર) જેહલો ખૂબ માંદો પડ્યો ને માંદગી વધી જતાં મહાપ્રભુએ એને પોતાની મૂર્તિના સુખમાં લઈ લીધો.

અલૈયાખાચરે જેહલાના મૃતદેહના અગ્નિસંસ્કારની તૈયારી કરી ને તેને સ્મશાને લઈ ગયા. પણ અલૈયાખાચરના કાકા કુસંગી હતા. તેઓ બહારગામથી ઘેર આવ્યા. ને આવતાંની સાથે જ જેહલાના મૃત્યુના સમાચાર સાંભળી તેઓ સીધા જ ઘોડી પર ચડી સ્મશાને આવ્યા ને ''ઊભા રહો... ઊભા રહો...

અટકી જાવ'' એટલું બોલી અલૈયાખાચરને કહ્યું, ''મને ખાતરી કરાવો કે તમારા સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદ મુજબ આ જેહલો અક્ષરધામમાં જ ગયો છે.'' એમ કહી સ્મશાનમાં અગ્નિસંસ્કાર વિધિ અટકાવ્યો.

અલૈયાખાચર ખડકેલી ચિતા પાસે આવી નિધડકપણે બોલ્યા, ''કાકા, આ મૃત્યુ પામેલો જેહલો જ ઊઠીને એમ કહે કે, મને શ્રીજીમહારાજ એમના અક્ષરધામમાંથી તેડી ગયા છે, તો આપ બોલો, સ્વામિનારાયણની કંઠી બાંધી સત્સંગી થાવ કે નહીં ?''

કાકા બોલ્યા, ''હા અલૈયાખાચર, મને તારી શરત મંજૂર છે. પણ જેહલો ચિતામાંથી બેઠો થઈ ન બોલે તો... તો શું ?''

''તો જાવ કાકા, આ જેહલાની ચિતા ભેળો હું પણ બળી જવા તૈયાર છું.'' અલૈયાખાચર શ્રીજીમહારાજના બળે કાકાની સામે શરત ઝીલતાં બોલ્યા.

આવી આકરી પ્રતિજ્ઞા કરી અલૈયાખાચર તો મહારાજને પ્રાર્થના કરીને જેહલાના મૃતદેહ પાસે પહોંચ્યા. મૃત્યુ પામેલા જેહલાના કાનમાં જ્યાં તેમણે ત્રણ વખત 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આ મહામંત્રનો જપ કર્યો ત્યાં તો... અહોહો... આ શું ? કેવો ચમત્કાર સર્જાયો ! સ્મશાનમાં આવેલા સેંકડો માણસોના દેખતાં મૃત્યુ પામેલો જેહલો ચિતા ઉપર સળવળ્યો અને આંખો ખોલી આળસ મરડી બેઠો થઈને બોલ્યો, ''હે અલૈયાખાચર, તમે મને અહીં શા માટે બોલાવ્યો ? હું તો દિવ્ય તેજ તેજના અંબાર સમા અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાનનું અલૌકિક સુખ ભોગવી રહેલો. એમાં તમારી આકરી પ્રતિજ્ઞાએ કરી શ્રીજીમહારાજે મને અહીં કહેવા મોકલ્યો છે તો કોઈ સંકલ્પ ન કરશો, પણ હું તો અક્ષરધામમાં જ છું... લ્યો, જય સ્વામિનારાયણ...'' આટલું કહી ફરી પાછો જેહલો સદાને માટે આંખો બંધ કરી ચિતા પર સૂઈ ગયો.

વાહ પ્રભુ, વાહ ! આ 'સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે અક્ષરધામમાં પહોંચ્યાનાં પરમાણ પણ મળ્યાં.

## પ્રસંગ-૨

ગઢપુર પાસેનું બોટાદ ગામ. સમર્થ સદ્. શ્રી વ્યાપકાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં બોટાદ પધાર્યા હતા. એ વખતે ગામમાં મંદિર નહિ તેથી સંતો ગામધણી દાહાખાચરના દરબારમાં ઊતરતા. જ્યાં સ્વામી આ વખતે દરબારમાં પહોંચ્યા ત્યાં તો સ્વામીએ દાહાખાચરને હૈયાફાટ રુદન કરતા જોયા. સ્વામીએ કરુણ કલ્પાંતનું કારણ પૂછ્યું તો ખબર પડી કે દાહાખાચરને દીકરા કરતાંય વધુ વ્હાલી ઘોડી હતી જે મૃત્યુ પામેલી, તેથી તેઓ રુદન કરી રહ્યા હતા.

સ્વામી બહુ દયાળુ હતા. તેથી સ્વામી સહજભાવે બોલી ગયા, ''બધા આઘા ખસો, ક્યાં છે ઘોડી ? લાવો, અમને જોવા દો.'' એમ કહી સ્વામી મૃત્યુ પામેલી ઘોડી પાસે જઈ બેસી ગયા ને મહારાજને પ્રાર્થના કરી. સ્વામીએ ઘોડીના કાન આગળ મોં રાખી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આમ, ત્રણ વખત જ્યાં મહામંત્રનો જપ કર્યો ત્યાં તો ઘોડી હણહણીને બેઠી થઈ ગઈ.

આ મહામંત્રનો ચમત્કાર હતો. મહામંત્રનો વિશ્વાસ અને શ્રદ્ધાએ સહિત કરેલો જપ મરેલા મડદાંને પણ બેઠા કરે છે.

## પ્રસંગ-3

એક વખત સદ્. વ્યાપકાનંદ સ્વામી સત્સંગ કરાવવા માટે બુંદેલખંડમાં પધાર્યા હતા. સ્વામી ને અન્ય સંતો એક ગામના પાદરમાં બેસી મહાપ્રભુનું સુખે ભજન કરી રહ્યા હતા. ત્યાં તો ગામના એક મુમુક્ષુ બ્રાહ્મણ આવી સંતોને નમસ્કાર કરી બેઠા. આવા પ્રભુપરાયણ સંતોને જોઈ તેમને ખૂબ ભાવ થયો ને સંતોને કહ્યું કે, ''હે સંતો, આપ જેવા સંતોને મારે ઘરે જમાડવાનો સંકલ્પ છે. વળી, હું આ ગામનો બ્રાહ્મણ છું તો આપ મારા સંકલ્પને પૂરો કરો.''

આ વિપ્રની વિનંતી સાંભળી સદ્. વ્યાપકાનંદ સ્વામી તથા અન્ય સંતો ગામમાં વિપ્રને ત્યાં પધાર્યા. પવિત્રપણે ખૂબ ભાવથી રસોઈ બનાવીને સંતોને

જમવા બેસાડ્યા. પણ એ જ સમયે બ્રાહ્મણના ઘરે એક અઘટિત ઘટના બની ગઈ. બ્રાહ્મણનો એકનો એક પુત્ર જે માંદો હતો તેણે તે વખતે જ પ્રાણત્યાગ કરી દીધા અર્થાત્ તે મૃત્યુ પામ્યો. બ્રાહ્મણ અતિ શોકાતુર બન્યા. કારણ કે એક બાજુ પુત્રના વિયોગનું દુઃખ હતું તો બીજી બાજુ ધર્મસંકટ હતું... કે હવે શું કરવું ? કારણ કે પુત્રના મૃત્યુથી ઘરમાં સૂતક લાગે તેથી પવિત્ર સંતોને જમાડી ન શકાય. અને એ સંતોને વાત કરે તો સંતો પોતાના ઘેરથી જમવા બેઠેલા ઊઠી જાય ને ભૂખ્યા ચાલ્યા જાય તોપણ દોષ લાગે.

છતાં મૂંઝાયેલા આ બ્રાહ્મણે દીન-આધીન થઈને સંતો પાસે આવીને પ્રાર્થના કરી કે, ''હે સંતો ! હું ખૂબ અભાગિયો છું. કારણ કે ઘણા દિવસથી આપ જેવા પવિત્ર સંતોને જમાડવાની ઇચ્છા હતી તે આજે પૂર્ણ થઈ. દયા કરીને આપે મારી પ્રાર્થના સ્વીકારી અને મારે ઘેર જમવા પધાર્યા. ખૂબ ભાવથી રસોઈ બનાવી જમવા બેસાડ્યા. પણ અત્યારે જ મારો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેથી હું મૂંઝાઉં છું કે મારે હવે શું કરવું ? કારણ કે જો આ વાત ન જણાવું તો મને સૂતકનો દોષ લાગે ને વાત કહું ને તમે ભૂખ્યા ચાલ્યા જાવ તોય દોષ લાગે. માટે હે દયાળુ સંતો, દયા કરીને આપ જ કંઈક રસ્તો કાઢો.''

ત્યાં તો અતિ દયાળુ એવા સદ્. વ્યાપકાનંદ સ્વામી બોલી ઊઠ્યા, ''ભૂદેવ, મૂંઝાશો નહીં. જાવ અંદર જઈ મૃત્યુ પામેલા પુત્ર પાસે બેસી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** આ મહામંત્રનું ભજન કરો. ભગવાન જરૂર દયા કરશે.''

અને આ અતિ વિશ્વાસુ ને નિર્દોષ વિપ્રે અંદર જઈ એકાગ્ર ચિત્તે જ્યાં થોડી વાર સ્વામિનારાયણ મહામંત્રનો જપ કર્યો ત્યાં તો આશ્ચર્ય થયું. જેમ સૂતેલો બાળક આળસ મરડી બેઠો થાય તેમ આ બાળક બેઠો થયો.

ત્યારબાદ આ વિપ્ર અને તેનાં પુત્ર-પત્ની સર્વે સત્સંગી થયાં. આ પ્રસંગને સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'ના ૧૩૦મા પ્રકરણમાં આલેખ્યો છે.

## પ્રસંગ-૪

વાંકાનેરના જીવરામ શેઠ પોતે શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત હતા. તેમનો વેપાર બહુ મોટો હતો. દેશ-વિદેશથી માલની મોટી સ્ટીમરો લઈ આવતા ને વેચતા ને સુખે ભગવાનની ભક્તિ કરતા.

એક વખત આ જીવરામ શેઠ સિંધ દેશથી ચોખાની મોટી ખરીદી કરી, વહાણ ભરી ભારત આવી રહ્યા હતા. ત્યાં રસ્તામાં ચાંચિયાઓએ (દરિયાઈ લૂંટારાઓએ) વહાણમાં ચડી જઈને લૂંટ ચલાવી. વહાણના ખલાસીઓ જીવ લઈને નાઠા પછી લૂંટારાઓએ જીવરામ શેઠને પકડી, હાથ-પગ બાંધી, આખા શરીરે છરાના ઘા મારી દરિયામાં નાખી દીધા ને વહાણ આખું લૂંટી લીધું.

આ બાજુ ખલાસીઓએ આ દૃશ્ય નજરે જોયેલું તેથી વાંકાનેર જીવરામ શેઠને ઘરે સમાચાર પહોંચાડ્યા કે, તમારા જીવરામ શેઠ લૂંટારાના હાથે મૃત્યુ પામ્યા છે. આ સમાચાર સાંભળી ગામમાં ને ઘરમાં હાહાકાર મચી ગયો. બધા ખૂબ કરુણ કલ્પાંત કરવા લાગ્યા. નાત આખી ભેગી થઈ ને બધાએ જીવરામ શેઠનાં ધર્મપત્ની પાસે ચૂડાકર્મ કરાવવા માંડ્યું. ત્યારે ભગવાનમાં અતિશે શ્રદ્ધા ને પ્રીતિવાળા જીવરામ શેઠનાં વૃદ્ધ માતુશ્રીએ કહ્યું, “ભાઈઓ, તમે બધા વિશ્વાસ રાખો. મારો જીવરામ ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છે. તે આ રીતે અકાળે મરે જ નહીં. અમારા સ્વામિનારાયણ ભગવાન તેની જરૂર રક્ષા કરશે. આપ સૌ બે દિવસ રાહ જુઓ. મારો જીવરામ જરૂર સાજોસમો આવશે જ. માટે આપ મને મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રની ધૂન્ય કરવી છે, તેમાં મદદ કરો.”

ગામના ને નાતના બધા આગેવાનોએ ધીરજ રાખી ડોસીની સાથે વિશ્વાસપૂર્વક આ સર્વોપરી **‘સ્વામિનારાયણ’** મહામંત્રની ધૂન્ય ઉપાડી. ડોસીના મનમાં અતિશે શ્રદ્ધા ને વિશ્વાસ હતાં.

બીજી બાજુ દરિયામાં ફેંકી દીધેલા જીવરામ શેઠ કિનારે આવીને બેભાન અવસ્થામાં પડ્યા હતા. ત્યાં અતિ દયાળુ એવા ભગવાન સ્વામિનારાયણે દર્શન

દઈ જીવરામ શેઠને આખા શરીરે હસ્ત ફેરવી વાગેલા ઘા સહજમાં રુઝાવ્યા ને સત્વરે પોતાને ઘરે જવા રવાના કર્યા. ને સૌના આશ્ચર્ય વચ્ચે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય ચાલી રહી હતી ત્યાં જ જીવરામ શેઠ હાજર થયા ને બનેલી હકીકત કહી.

સૌને મહાપ્રભુના આ ‘સ્વામિનારાયણ’ મહામંત્રનો અને ભગવાન સ્વામિનારાયણનો ખૂબ મહિમા સમજાયો ને સત્સંગી થયા.

વાહ પ્રભુ, વાહ !

## પ્રસંગ-૫

મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસેના નાનકડા બામરોલી ગામની આ વાત છે. આ ગામમાં ગિરધારીજી નામના શ્રીજીમહારાજના અનન્ય ભક્ત રહેતા હતા. એક વખત તેઓ પોતાની યુવાન પત્ની સાથે પોતાના સાસરે ગયા હતા. ત્યાંથી પાછા વળતાં’તાં. પહેલાંના વખતમાં બસોની કે રોડની વ્યવસ્થા નહોતી. તેથી બંને માણસો પ્રભુસ્મરણ કરતાં, મહાપ્રભુની મૂર્તિ ધારી ચાલતાં પંથ કાપી રહ્યાં’તાં. રાત પડતાં એક ગામના પાદરમાં આવેલ એક રજપૂતને ત્યાં રાત્રિનિવાસ કર્યો ને સવારે વહેલા ઊઠીને ટાઢા પહોરમાં વધુ ચાલી શકાય તેવા ઈરાદે તેઓએ પંથ કાપવા માંડ્યો. વિચારેલું કે રસ્તામાં આગળ જતાં નદી આવશે ત્યાં સ્નાન-પૂજા પતાવી સાથે રાખેલું ટીમણ (નાસ્તો) કરી લઈશું. આગળ જતાં એક નિર્મળ જળથી વહેતી નદીમાં સ્નાન કર્યું ને નદીકિનારે આવેલા એક મંદિરના ઓટે બેસી પતિ-પત્ની મહાપ્રભુની પૂજા કરી રહ્યાં’તાં.

બીજી બાજુ જે રજપૂતને ઘેર તેઓએ રાત્રિરોકાણ કરેલું તે રજપૂતની વૃત્તિ આ યુવાન સ્ત્રીના રૂપને જોઈ બગડેલી. તેથી તેણે કામાતૂર થઈ ઘોડે ચડી આ દંપતીનો પીછો કર્યો. અહીં જ્યાં બંને માણસો પૂજા કરતાં હતાં ત્યાં પેલા રજપૂતે આવી ગિરધારીજીના જમણા પડખામાં ભાલો ખોસી તેમને મારી નાખ્યા. તેથી ભક્તરાજ તો ત્યાં જ ઢળી પડ્યા. પણ તેમનાં પત્ની સમય પારખી, દોટ મૂકી મંદિરમાં પેસી ગયાં ને દ્વાર બંધ કરી દીધાં. મહાપ્રભુ ભગવાન

સ્વામિનારાયણને પ્રાર્થના ને ધૂન્ય કરવા માંડી. બસ “સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... રક્ષા કરો... રક્ષા કરો.” આમ, કરુણ કલ્પાંત સાથે જ્યાં થોડી ક્ષણો ધૂન કરી ત્યાં તો ભક્તરક્ષક ભગવાન શ્રીહરિ માણકી ઉપર બિરાજમાન થઈ ત્યાં પધાર્યા. કામાંધ બનેલા રજપૂતને દૃષ્ટિએ કરી પાષાણવત્ કરી દીધો ને આ બાઈને નિર્ભય કરી મંદિરમાંથી બહાર કાઢ્યાં ને કહ્યું, “બાઈ, મૂંઝાશો નહિ, ગિરધારીજીને કશું જ થયું નથી. એમના દેહને કપડું ઢાંકી દો ને પાસે બેસી પાંચ માળા ફેરવો ને પાંચ પ્રદક્ષિણા કરો. બધાં સારાં વાનાં થશે.” આમ કહી મહાપ્રભુ તો અદૃશ્ય થઈ ગયા.

બાઈએ પૂર્ણ વિશ્વાસથી શ્રીજીમહારાજે કહેલું તેમ જ્યાં પાંચ માળા ને પાંચ પ્રદક્ષિણા કરી ત્યાં તો ગિરધારીજી આળસ મરોડી બેઠા થયા ને ફરી પાછા આનંદિત થઈ 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરતાં રસ્તો કાપવા માંડ્યો.

## પ્રસંગ-૬

આવો જ બીજો એક પ્રસંગ બન્યો કચ્છના જોડિયા બંદર ખાતે રહેતા શ્રીજીમહારાજના આશ્રિત એક સત્સંગી કુટુંબમાં. થોડાં વર્ષો પહેલાં જ બનેલી વાસ્તવિક ઘટના છે. ઘરમાં માત્ર પતિ-પત્ની ને એક પંદર-સત્તર વર્ષનો કિશોર પુત્ર એમ ત્રણ સભ્યો રહેતાં. પતિ ઝાંઝીબાર ખાતે વિદેશમાં નોકરી કરતા હતા. એક વખત મા અને પુત્ર બંને જોડિયા બંદરેથી સ્ટીમરમાં બેસી ઝાંઝીબાર જવા નીકળ્યાં. સત્સંગી એવાં આ બંને મા ને દીકરો બહારની બજારુ વસ્તુ ખાતાં-પીતાં નહીં. તેથી ખાવા-પીવાની વ્યવસ્થા પોતાની પાસે રાખેલી તેમાંથી સવાર-સાંજ જમતાં.

એક દિવસ કોણ જાણે કેમ પણ ખાવામાં એવું કંઈક આવી ગયું તે જમતાંની સાથે જ આ પુત્રની મા થોડી ક્ષણોમાં મૃત્યુ પામી. ડૉક્ટરે આવીને તપાસ કરી તો બાઈના દેહમાંથી જીવ ચાલ્યો ગયેલો. નિરાધાર બનેલો પુત્ર અતિશય કલ્પાંત કરવા લાગ્યો. ને પોતાની માના મૃતદેહ પાસે બેસી રડવા લાગ્યો.

બીજી બાજુ સ્ટીમરના નિયમ મુજબ કોઈ મૃત્યુ પામે તો અમુક સમય-મર્યાદામાં તે શબને સમુદ્રમાં નાખી દેવું પડે. તેથી આ પુત્રને સમયમર્યાદાનું ફરમાન થઈ ગયું. પણ... પુત્રને બાળપણથી માબાપના વારસામાં ભગવાન **સ્વામિનારાયણ**ની ભક્તિ, વિશ્વાસ ને નિષ્ઠા મળેલાં હતાં. તેણે સ્ટીમરના અન્ય પૅસેન્જરોને વિનંતી કરી કે, ''આપ બધા મને મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની ધૂન્ય કરવામાં મદદ કરો. જરૂર મારા ઈષ્ટદેવ મારી માને જીવતી કરશે.'' ને પૂર્ણ વિશ્વાસથી આ પુત્ર ને અન્ય સૌએ સાથે મળી આ મૃત્યુ પામેલ બાઈના શબ પાસે બેસી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય શરૂ કરી.

અને સૌના આશ્ચર્ય વચ્ચે ટૂંક સમયમાં આ મૃત્યુ પામેલ બાઈના દેહમાં સળવળાટ થયો ને થોડી વારમાં તે બેઠાં થયાં. આખી સ્ટીમરમાં સૌને ભગવાન સ્વામિનારાયણના આ પ્રતાપને જોઈ ખૂબ અહોભાવ થયો ને બંને મા-દીકરો સુખે ઝાંઝીબાર બંદરે પહોંચ્યાં.

:

# ૯ મહામંત્રના પ્રતાપે ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ ટળ્યો

**"તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે."**

**પ્રસંગ-૧**

પંચમહાલનું હીરાપુરા નામનું ગામ, જ્યાં મોરારજી દવે નામના એક બ્રાહ્મણ હરિભક્ત રહેતા. શ્રીજીમહારાજના પોતે અનન્ય આશ્રિત હતા. સવાર-સાંજ ધૂન્ય-કીર્તન કરતા, કથા કરતા અને ગામના જુવાનિયાઓને સત્સંગ પણ કરાવતા. મહારાજની નિષ્ઠા પણ ખૂબ જોરદાર.

એ જ ગામમાં એક મેલીવિદ્યાનો જાણકાર, કામણ-ટૂમણિયો એવો માવજી સુતાર નામનો માણસ રહેતો, જે કાળીચૌદશની રાત્રે સ્મશાનમાં જતો. ભૂતપ્રેત સાધતો અને પછી વર્ષ દરમ્યાન જો કોઈને હેરાન કરવા હોય તો તે તેના મંત્ર-તંત્રથી હેરાન કરતો.

ગામમાં કોઈ આ માવજી સુતારનું નામ ન લઈ શકે. અને એટલે જ આ માવજીભાઈ તો એવા ઊંચા ચડેલા કે બસ, જાણે દુનિયાનો માલિક જ હું છું. કોઈને ગાળો દે, મારે, ત્રાસ ગુજારે અને મનમુખી વર્તે તોય તેને કોઈ કહેનાર ન મળે.

એમાં એક વખત શ્રીજીમહારાજના આશ્રિત એવા મોરારજી દવે સાથે તેને કંઈક બાબતમાં તકરાર થઈ. તેને એમ કે આય બીજાના જેવો જ છે ને !

આ વળી કોણ ? એટલે એણે તો બિવડાવવા માટે કહી દીધું કે,

"હે બ્રાહ્મણ ! આજે રાત્રે તારી વાત છે, આજે તને જીવતો ન છોડું."

એને એમ કે બીજાની જેમ આ પણ મને કગરવા આવશે. માફી માગવા આવશે.

પણ... આ તો સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત. જંત્ર-મંત્ર-તંત્ર-ભૂતપિશાચથી એ ન ડરે. એ બધા આનાથી ડરે.

મોરારજી દવે પણ ગાંજ્યા જાય તેવા ન હતા. તેમણે કહી દીધું, "માવલા, જા, તારે જેટલાં ભૂતડાંને બોલાવવાં હોય તેટલાં બોલાવજે. કોઈ બાકી ન રહી જાય તેનું ધ્યાન રાખજે અને પછી જોજે મારા સ્વામિનારાયણ ભગવાનનો ઝપાટો. તેં ઘણાને દબાવ્યા હશે પણ અહીં નહિ દબાવી શકે."

અપમાનિત થયેલા માવજી સુતાર ધૂંઆપૂંઆ થતા રાત્રે સ્મશાને ગયા. મંત્ર-તંત્રથી સાધના કરી ભૂતાવળ ભેગી કરી. ત્રણસો ભૂત માવજીની આગળ હાજર થઈ ગયાં. માવજીએ હુકમ કર્યો, "હે ભૂતો ! તમને હું નિવેદ કરું છું. મનમાન્યું ખવડાવું છું. તો આજે મારો હુકમ છે કે, પેલા મોરારજી દવેને જીવતો છોડવાનો નથી. બસ ખાઈ જ જાવ. મારી જ નાખો. ચાલો, મારી સાથે તેના ઘેર. એ બેઠો હશે, હું તમને છેટેથી આંગળી કરી બતાવું અને એક... બે... ત્રણ... કહું ત્યાં તો તમારે તૂટી જ પડવાનું. ખબરદાર ! જો આજે મોરારિયો બચ્યો છે તો, નહિ તો તમારી ને મારી આબરૂ જશે હોં."

માવજીએ તો બરાબર ભૂતોને નશો ચડાવ્યો અને તૈયાર કર્યા. ત્રણસોની આ ભૂતાવળ લઈ અર્ધરાત્રિના સુમારે મોરારજી દવેના વાડામાં આવ્યા. મોરારજી દવે ઘરની પાછળના વાડામાં ખાટલો નાખી, હાથમાં માળા લઈ માવજીની રાહ જોઈને જ બેઠા હતા. છેટેથી ભક્તરાજે તેની સાથેના ટોળાને જોયું. બધાને નજીક આવવા દીધા. હવે મોરારજી દવેએ પડકાર કર્યો, "માવજી, બોલાવ હજી કોઈ બાકી હોય તો... જોજે રહી ન જાય અને પછી મને કહે કે, બધા આવી ગયા..."

માવજી પણ ફાંકામાં હતા. તે બોલ્યા, "મોરારજી, બધાં ભૂત આવી

ગયાં... બધાં, પૂરાં ત્રણસો છે. હવે જો તારી વલે થાય તે.''

અને મોરારજી દવેએ હાથમાં મહારાજની પ્રસાદીના પાણીનો લોટો તૈયાર રાખેલો તે લીધો અને **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** શબ્દની જ્યાં સિંહગર્જના કરી પાણીની અંજલિઓ છાંટવા માંડી ત્યાં તો ભૂતો બળવા લાગ્યાં. તેથી બૂમો પાડતાં, કિકિયારીઓ કરતાં ભૂતો જાય નાઠાં ઊભી પૂંછડીએ. કોઈ આમ નાઠું તો કોઈ તેમ નાઠું, કોઈ પડે તો પાછું ઊભું થઈને ભાગે... એમ ભાગ્યાં... ત્રણસોય કૂતરાની જેમ નાઠાં.

અને પછી તો મોરારજી ભક્તનેય પારો ચડે ને ! ખૂબ બળમાં આવી ગયા. તેઓ **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** કરતાં ભૂતોને ઠેઠ ગામ બહાર મૂકી આવ્યાં.

માવજી સુતાર તો ઊભા ઊભા બાઘાની જેમ જોયા જ કરે ને ઠંડા હેમ જેવો થઈ ગયા.

શું બોલે ? મોરારજી દવે આવ્યા એટલે બસ કંઈ જ બોલ્યા-ચાલ્યા વગર માવજી તેમના પગમાં જ પડી ગયા. ખૂબ રોયા અને કહેવા લાગ્યા, ''હે ભૂદેવ ! આપ પણ ખરા ને આપના **સ્વામિનારાયણ** ભગવાન પણ ખરા. માટે મનેય આજથી કંઠી બાંધી **સ્વામિનારાયણ**નો સત્સંગી કરો.''

જોયું ! ભાઈઓ, આપણેય **સ્વામિનારાયણ ભગવાન**ના દીકરા છીએ. માટે ક્યારેય કોઈ ભૂતપ્રેત કે જંત્ર-મંત્રથી બીવું નહીં. કંઈ થાય તોય દોરા-ધાગા કરવા નહિ કે કરવા દેવા નહીં. એક શ્રીજીમહારાજનો દૃઢ આશરો રાખવો.

સ્વામિનારાયણ મંત્ર ખૂબ બળિયો છે. તે મહામંત્રની ધૂનથી આવેલી મુશ્કેલીને દૂર કરવી.

## પ્રસંગ-૨

થોડાં વર્ષો પહેલાંની બનેલી સત્ય ઘટના છે. અમદાવાદ-કાલુપુર મંદિરની નજીકમાં એક હરિભક્ત રહેતા હતા. જેમનો એક પુત્ર તેના એક વણિક મિત્ર સાથે રોજ સવારે મંદિરે દર્શન કરવા આવતો.

એક દિવસ સભામંડપમાં કથા ચાલુ હતી ને આ બંને મિત્રો મંદિરમાં આવ્યા. તે સમયે કથા કરનાર સંત 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા કહેતા હતા કે, **"આ સ્વામિનારાયણ મહામંત્રમાં એટલું બળ છે કે તેનું સ્મરણ કરવાથી ભૂતપ્રેતાદિક કોઈ આસુરી તત્ત્વ તેને નથી મારી શકતું કે નથી તેની પાસે આવતું. એટલું જ નહિ, પણ એનો જાપ કરવાથી તે સ્થાનમાં પણ ભૂતપ્રેતાદિક રહી શકતાં નથી."**

પેલા બંને મિત્રોએ દર્શન કરતાં કરતાં આ મહામંત્રનો મહિમા સાંભળ્યો અને યાદ રાખી લીધો.

એક દિવસની વાત છે. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' કહેવત મુજબ એક દિવસ સાંજના સમયે સ્કૂલના એક શિક્ષકે આ વણિક પુત્ર સાથે હેત કરીને કહ્યું, "ચાલ, આજે મારી સાથે ફરવા." અને આ વિદ્યાર્થી ભોળાભાવે પોતાના શિક્ષક પર વિશ્વાસ રાખી તેમની સાથે ફરવા ગયો. આ શિક્ષક તાંત્રિક હતા. તેઓ આ બાળકને ફોસલાવીને અમદાવાદ વટવા GIDCમાં સૂમસામ જગ્યાએ લઈ ગયા. દૂર એક ખીજડાના ઝાડ નીચે આ બાળકને ઊભો રાખ્યો. પછી શિક્ષકે દૂર જઈને પોતાની મેલીવિદ્યાથી ભૂતપ્રેતને પ્રગટ કર્યા અને કહ્યું, "આજે આપનો બલિ લાવ્યો છું. આપ આવો અને તેનો સ્વીકાર કરો." બાળક દૂર ઊભો રહી આ જોઈ રહ્યો હતો. તેને એ જ સમયે મંદિરમાં જે સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સાંભળેલો તે યાદ આવ્યો અને તેણે તુરત મંત્રજાપ ચાલુ કર્યો :

"સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..."

ત્યાં તો મહામંત્ર પ્રતાપે એ ભૂતપ્રેત પાછા વળી શિક્ષક પર ગુસ્સે થઈ કહેવા લાગ્યા, "બંધ કરાવો, બંધ કરાવો... આ મંત્રજાપને બંધ કરાવો; નહિ તો હું તને જ ખાઈ જઈશ." પછી તો બાળકે વધુ બળથી અને વધુ જુસ્સાથી જાપ ચાલુ રાખ્યો : "સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ."

અને 'જે ખાડો ખોદે તે પડે' તે નાતે ભૂતપ્રેતે આ શિક્ષકનો જ ભોગ લઈ લીધો. બાળક ખૂબ ગભરાઈ ગયો અને બેભાન થઈ ઢળી પડ્યો. એને કોઈએ

દવાખાને પહોંચાડ્યો. દવાખાનેથી ઘરે આવી સ્વસ્થ થતાં બાળકે બનેલી બધી હકીકત જણાવી. તેથી આખા ઘરના બધા જ સભ્યો **સ્વામિનારાયણ** ભગવાનની કંઠી ધારણ કરી સત્સંગી બન્યા.

## પ્રસંગ-૩

એક ગામમાં એક **સ્વામિનારાયણ**ના આશ્રિત સત્સંગી રહેતા. એ જ ગામમાં એક તાંત્રિક રહેતા, જે પોતાની મેલીવિદ્યાના બળે સૌને ગામમાં પોતાના દાબમાં રાખીને વર્તતા અને સૌની ઉપર અત્યાચાર કરતા. એક દિવસ આ તાંત્રિકને સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી સાથે કંઈક વિક્ષેપ થયો. અને બોલાચાલીમાંથી વિવાદ આગળ વધ્યો. પેલા તાંત્રિકે આ સત્સંગીને ધમકી આપી કે, ‘‘જોઈ લેજે તું કાળીચૌદશની રાત્રે.’’ સત્સંગીએ સામે શાંત ચિત્તે તાંત્રિકને એટલું જ કહ્યું કે, ‘‘ભાઈ, કાળીચૌદશે જ્યારે તારી વિદ્યાની સાધના કરવા જાય ત્યારે સહેજ મને જણાવજે તો ખરો.’’ અને કાળીચૌદશની રાત્રે જ્યારે આ તાંત્રિક ભૂતપ્રેતાદિકને નિવેદ ધરાવવા માટે બુંદીનો તાસ ભરીને લઈ જઈ રહ્યા હતા ત્યારે સત્સંગીએ એક પાંદડા પર સળીથી **‘સ્વામિનારાયણ’** લખીને તે પાંદડું બુંદી ઉપર મૂક્યું ને કહ્યું કે, ‘‘ભાઈ, જોજે કે ત્યાં શું થાય છે !’’

સ્મશાનમાં આવી તાંત્રિકે સાધના શરૂ કરી. અને જ્યાં ભૂતપ્રેતને પ્રગટ કર્યા ત્યાં તો તેમણે કહેવા માંડ્યું કે, **‘‘અમારા નિવેદ પર કોઈ મંત્ર લખ્યો છે, જેનાથી અમે બળીએ છીએ. તે લઈ લે, નહિ તો અમે તને ખાઈ જઈશું.’’**

તાંત્રિકે એ મંત્ર થાળીમાંથી દૂર કર્યો અને વિચારી લીધું કે, ‘‘જેમના મંત્રમાં આટલી બધી તાકાત છે તો એ ભગવાન કેવા હશે ? એમના ભક્તની સામે પડવાનું મારું કામ નહીં.’’ એમ પોતે હાર સ્વીકારી અને પોતે શ્રીજીમહારાજનો ખૂબ મહિમા સમજીને સત્સંગી થયા.

# ૧૦ મહામંત્રના પ્રતાપે

## કાળા નાગનાં ઝેર ઊતર્યાં

### પ્રસંગ-૧

કચ્છનું એક નાનકડું દહીંસરા નામનું ગામ. આ ગામમાં મહામુક્તરાજ કેસરાભાઈ રહેતા જેમને આપણે કેસરાબાપાના નામથી ઓળખીએ છીએ. તેમણે આપણા જીવનપ્રાણ બાપાશ્રીનો ખૂબ જોગ-સમાગમ કરી રાજીપો લીધેલો.

એક વખત આ કેસરાબાપા વહેલી સવારે વાડીએ જતાં અંધારામાં કોશ લેવા ગયા ત્યાં તો કોશમાં બેઠેલા કાળા નાગે એકદમ કેસરાબાપાને દંશ માર્યો. એ જ વેળાએ તેઓને ખ્યાલ તો આવી ગયો. છતાં હિંમત કરી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** કરતાં ઘરે આવ્યા. ગામના સૌ લોકોને ખબર પડતાં માણસો એકઠા થઈ ગયા ને આ સમયે બધા વારાફરતી જુદી જુદી સલાહ આપવા માંડ્યા કે ફલાણા ગામમાં કોઈક મંત્રેલો દોરો બાંધી ઝેર ઉતારે છે તેથી ત્યાં લઈ જઈએ; કોઈ કહે આમ કરીએ. પણ જેના રોમેરોમમાં એ દૃઢ હતું કે, અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ થાય છે ને થશે તે મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મરજીથી જ થાય છે તે આવી વાતમાં હા કેમ પાડે ? એમણે સૌને એક જ વાત કરી કે, ''આપ બધા બધી ચિંતા છોડી સર્વોપરી **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન કરો. ધાર્યું તો બધું એમનું થવાનું છે.'' એમ કહી સૌની પાસે ઊંચા સ્વરે ધૂન

ચાલુ કરાવી ને સૌના આશ્ચર્ય વચ્ચે જેમ જેમ ધૂન બોલાતી ગઈ તેમ તેમ નાગનું ઝેર ઊતરતું ગયું ને અંતે સારું થઈ ગયું.

## પ્રસંગ-૨

ગઢપુરની બાજુમાં ગઢાળી નામનું ગામ. આ ગામમાં હરિભાઈ નામના શ્રીજીમહારાજના અનન્ય નિષ્ઠાવાન હરિભક્ત વસતા.

એક દિવસ હરિભાઈએ પટારા નીચે જેવો હાથ નાખ્યો તેવો એક કાળા નાગે તેમને દંશ દીધો. હરિભાઈએ જ્યાં હાથ બહાર કાઢ્યો ત્યાં તો કાળા નાગની દાઢો બરાબર બેસી ગયેલી ને દંશમાંથી લોહી પણ વહેવા માંડ્યું. ગામમાં ને સગાંસંબંધીઓમાં આ જાણ થતાં સૌ ભેગાં મળી સર્પ ઉતારનારને બોલાવી લાવ્યા. પણ આ તો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા. તેમણે સૌને બહુ મક્કમતાથી સ્પષ્ટ કહી દીધું કે, ''હું ધામમાં જાઉં તો ભલે, પણ મને કોઈ દોરો-ધાગો કશું બાંધશો નહીં. આખરે જો દયા આવતી હોય તો ભેગા મળી મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન બોલો. એ મંત્રમાં કાળા નાગનું ઝેર ઉતારવાની પણ શક્તિ રહી છે.'' અને સૌએ સત્વરે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ધૂન્ય ચાલુ કરી અને થોડી વારમાં તો ઝેર માંડ્યું ઊતરવા અને હરિભાઈ સ્વસ્થ થઈ ગયા. વાહ દયાળુ, વાહ !

## પ્રસંગ-3

મૂળી મંદિરથી સદ્. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી ને સંતો સંવત ૧૮૮૪માં શિયાણી ગામે સત્સંગ માટે પધારેલા. રાત્રે શ્રી બળદેવચરણદાસજી સ્વામી અંધારામાં પાટ પર બેસી માળા ફેરવતા હતા. અન્ય સંતો બધા પોઢી ગયા હતા. એવામાં એક મોટો સાપ સ્વામીને પગે ભીડો લઈ વીંટળાઈ ગયો. સ્વામીએ બૂમ પાડી તેથી સૌ સંતો ઊઠી ગયા. ગામમાં ખબર પડતાં સૌ હરિભક્તો પણ આવી ગયા. દીવો કર્યો ને જોયું તો સ્વામીના પગે મોટો સાપ ભીડો લઈ વીંટળાઈ ગયેલો. બધાના જીવ તાળવે ચોંટી ગયા. હવે શું થાય ?

સ્વામીએ કહ્યું,''સંતો-ભક્તો, કોઈ ગભરાશો નહિ, ધાર્યું તો બધું

શ્રીજીમહારાજનું જ થાય છે. આપણા ઈષ્ટદેવનો **'સ્વામિનારાયણ'** મહામંત્ર ખૂબ બળિયો છે. એનાથી કાળા નાગનું ઝેર ઊતરે છે તો અહીં તો માત્ર કાળા નાગને ઉતારવાનો છે. તો આપ છેટે બેસી મહારાજની મૂર્તિ ધારી ધૂન્ય કરો અને હું હાથમાં માળા ફેરવી શ્રીજીમહારાજનું ભજન કરીશ.''

આમ, સૌએ છેટે બેસી ધૂન્ય ચાલુ કરી. એક કલાક...બે કલાક... અને જ્યાં ત્રણ કલાક થયા ત્યાં તો ધૂન્યના પ્રતાપે સાપ કરડ્યો તો નહિ પરંતુ ધીમેથી ઊતરીને ચાલ્યો ગયો.

## પ્રસંગ-૪

આપણા મહાસમર્થ સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી અમદાવાદમાં સરસપુર ખાતે બિરાજતા હતા. સદ્‌ગુરુશ્રીની અદ્‌ભુત સ્થિતિ તો હતી જ અને સ્વામિનારાયણ મહામંત્રનો પ્રૌઢ પ્રતાપ કે સદ્‌ગુરુશ્રી પાસે ગમે તેને કાળા નાગનું ઝેર ચડ્યું હોય અને લાવવામાં આવે તો સદ્‌ગુરુશ્રી શ્રીજીમહારાજ ને બાપાશ્રીને પ્રાર્થના કરી, 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલી હાથ ફેરવે ત્યાં તો મહારાજની કૃપાથી તુરત કાળા નાગનું ઝેર ઊતરવા માંડતું.

વાહ સદ્‌ગુરુ, વાહ ! અને વાહ **'સ્વામિનારાયણ'** મહામંત્રનો પ્રતાપ, વાહ !

## પ્રસંગ-૫

મેશ્વો નામની નદીને કિનારે લવાડ નામનું એક ગામ. ગામમાં દોલતસિંહ નામના એક રાજવી રહેતા. તેઓ સ્વભાવે ક્રૂર અને ઘાતકી. ગામમાં કોઈ સાધુ-સંત આવે તેમને ઢોરમાર મારતા પણ અચકાતા નહીં.

એક સમયની વાત છે કે આપણા મહાસમર્થ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી સંત મંડળે સહિત આ ગામમાં પધાર્યા. એક હરિભક્તે સંતોને ભાવથી પોતાના ઘરે ઉતારો આપી જમાડ્યા. પણ આ દોલતસિંહને ખબર પડતાં તેમણે સંતોને અપમાન કરી કાઢી મૂક્યા. આવા મહાસમર્થ સદ્‌ગુરુશ્રીના અપરાધ અને દ્રોહનું પરિણામ દોલતસિંહને પોતાના જીવનમાં કેવું સાંપડ્યું ?

એક સમયની વાત છે. એક દિવસ આ દોલતસિંહના એકના એક પુત્ર તખુભાનાં લગ્ન લેવાયાં. બીજે દિવસે સવારમાં જાન જવાની હતી અને પાછલી રાત્રે આ તખુભા ઘરની પાછળના વાડામાં લઘુ કરવા ઊઠ્યા. ત્યાં તો અંધારામાં આ તખુભાને સર્પે દંશ માર્યો. ને એ જ સમયે તખુભા ચીસ પાડી ત્યાં ઢળી પડ્યા ને જોતજોતામાં કાળા નાગનું આ કાતિલ ઝેર એમના આખા શરીરમાં પ્રસરી જતાં તુરત તખુભાનું પ્રાણપંખેરું ઊડી ગયું. સગાંસંબંધીઓ અને દોલતસિંહ ખુદ પણ ખૂબ કરુણ કલ્પાંત કરવા લાગ્યા. એવામાં સમર્થ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને અપમાન કરી, એક સમયે આ જ દોલતસિંહે ગામ બહાર કાઢી મૂકેલા એ જ સંતો ફરી ગામમાં પધાર્યા. ત્યાં તો ગામના પાદરમાં જ તખુભાના મૃત્યુથી કરુણ કલ્પાંત ચાલતો હતો. ગામમાં સંતોનું આગમન થયાની જાણ થતાં કોઈકે કહ્યું કે, “દોલુભા, તમે તે દિવસે સ્વામિનારાયણ ભગવાનના સંતોનો અપરાધ કર્યો તેનું આ ફળ મળ્યું છે. માટે એ સંતો પાછા ગામમાં આવ્યા છે. તેમને પ્રાર્થના કરો.” દોલતસિંહ નિર્માની થઈ પોતાના પુત્રને બચાવવા નદીના કિનારે સ્નાન કરી બેઠેલા સંતોના ચરણમાં જઈ પડ્યા ને ખૂબ પ્રાર્થના કરી. સાચા સંતનું હૃદય હંમેશાં દયાળુ જ હોય. એ ન્યાયે સંતો તેમને ઘેર આવ્યા. બધાને શાંત કરતાં બોલ્યા, **“કોઈ ચિંતા ન કરશો. અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન બહુ સમર્થ છે ને એમનો ષડાક્ષરી સ્વામિનારાયણ મહામંત્ર ખૂબ બળિયો મંત્ર છે. માટે આપ સૌ અમારી સાથે બેસી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવો. સૌ સારાં વાનાં થઈ જશે.”** પછી સ્વામીશ્રીના વચને દોલતસિંહ ધૂન્યમાં જોડાયા. બે કલાક ધૂન્ય થતાં સાપે આવી ઝેર ચૂસી લીધું ને તખુભાના શરીરમાંથી કાતિલ ઝેર ઊતરવા લાગ્યું. તેઓના શરીરમાં સળવળાટ થયો. ને થોડી વારમાં તેઓ આળસ મરડી બેઠા થયા. સૌ આ ચમત્કાર જોઈ રાજી થયા ને દોલતસિંહના પરિવાર સાથે ઘણા મુમુક્ષુઓ ભગવાન **સ્વામિનારાયણ**ના આશ્રિત થયા.

# ૧૧ મહામંત્રના પ્રતાપે

## મહાસંકટમાંથી ઊગર્યા

### "સુખી કરે સંકટ સર્વ કાપે, છતે દેહે મૂર્તિધામ આપે."

**પ્રસંગ-૧**

લખનૌ નામનું શહેર. આ શહેરમાં મુસ્લિમ નવાબી રાજ્ય ચાલતું. રાજ્યના દીવાન હતા તે બુદ્ધિશાળી વણિક (વાણિયા). તેમણે વર્ષો સુધી દીવાનપદ ભોગવ્યું હતું. એક વખત કંઈક ભૂલ થતાં નવાબ સાહેબે વાંકમાં લઈ આ દીવાનને કેદમાં પૂર્યા. ઘણા દિવસ કેદખાનાની સજા કરી તેમને છોડી દીધા. પણ નિર્દય એવા નવાબ સાહેબે દીવાનને એક કરોડનો દંડ કર્યો. દીવાને આ દંડ એક માસમાં પૂરો કરવો; નહિતર નવાબ સાહેબે એમને હિન્દુ મટાડી મુસ્લિમ કરવાનો હુકમ કર્યો. બિચારા દીવાને દંડ ચૂકવવા માટે પોતાની તમામ ઘરવખરી વેચી દીધી, રહેવાનાં ઘર વેચી દીધાં, વ્યાજે પૈસા લીધા તેમ છતાં પણ દંડની ઘણી મોટી રકમ હોવાથી ભેગી ન કરી શક્યા. તેથી આ વણિકે વિચાર્યું કે હિન્દુ મટી મુસ્લિમ થવું તેના કરતાં આત્મહત્યા કરી દેહનો અંત લાવવો સારો. એવા વિચારે છેલ્લે છેલ્લે એક મંદિરમાં દર્શન કરવા ગયા. મંદિરમાં જઈ દીવાન પ્રદક્ષિણા કરતાં કરતાં આક્રંદ કરી રહ્યા હતા. તે સમયે ભગવાન સ્વામિનારાયણના સંત સદ્. શ્રી વ્યાપકાનંદ સ્વામી આદિક બે સંતોને જોયા. આ વણિક દીવાને સાધુ-સંતોને જોઈ એકદમ ખોળામાં માથું નાખી

કરુણ આક્રંદ કરવા માંડ્યું. સંતોએ રુદનનું કારણ જાણી શાંત ચિત્તે કહ્યું, **"હે વણિક, લો આ અમારી માળા ને ઘેર જઈને એકાગ્ર ચિત્તે સ્વામિનારાયણ મહામંત્રનો જાપ ચાલુ કરો. તમે જરૂર સર્વે સંકટથી રહિત થશો."** આમ વર આપી ઘેર મોકલ્યા.

વણિકે ઘેર આવી, બંધ બારણે પૂર્ણ વિશ્વાસથી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' મહામંત્રનું રટણ ચાલુ કર્યું. બીજી બાજુ અક્ષરધામના અધિપતિ મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણે અંતરના આપેલા આશીર્વાદને સફળ કરવા વિચાર્યું કે,

**હવે કરવું એહનું કાજ, થયા સાબદા પોતે મહારાજ;**
**વા'લે લીધો વણિકનો વેશ, સુંદર મોળીડું બાંધિયું શીશ.**
**પહેરી અંગરખી લાંબી બાંય, ચાલ વિશાળ લડસડે પાય;**
**બાંધ્યો કમરે કસુંબી કણો, સોનેરી છેડે શોભે છે ઘણો.**
**તેમાં ખોસી છે સુંદર દોત, કાંધે દુશાલ ઝીણેરી પોત;**
**હસે મુખે પડે ખાડા ગાલ, મોટા ધનાઢ્ય ઝળકે ભાલ.**
**કાંઈ બોલે મુખેથી તોતળિયું, લીધા રૂપૈયા ભરી કોથળિયું;**
**લીધા સેવક સંગે બે-ચાર, આવ્યા શ્યામળો શહેર મોઝાર.**

આમ, મહાપ્રભુ શ્રીહરિ પોતે એક ધનિક વણિકનો વેશ લઈ રૂપિયાની કોથળીઓ ભરી નવાબ સાહેબને ત્યાં દીવાનને નામે જમા કરાવી ગયા. દીવાનજી આવેલી આપત્તિમાંથી ઊગરી તો ગયા પણ મહાપ્રભુની ચટકંતી ચાલ અને ઝળકતું મુખારવિંદ નવાબના હૈયામાં એવાં તો વસી ગયાં કે તેણે દીવાનજીને ઘેરથી બોલાવી તેમનો દંડ ભરપાઈ થઈ ગયાની જાણ તો કરી, પણ પોતાની અવળચંડાઈથી હુકમ કર્યો કે, "દીવાનજી, તમારા રૂપિયા ચૂકવવા આવેલા શેઠની છબી મારા હૈયામાંથી ખસતી નથી. એ શેઠનાં મારે દર્શન કરવાં છે; માટે ફરીથી તેમને બોલાવો, નહિતર તમારી સજા ચાલુ રાખીશ."

હવે શું થાય ? ફરી આપત્તિ આવી છતાં દીવાનજીના હૈયે હિંમત હતી.

તેઓએ તો ફરી ઘેર જઈ એકાંતે બેસી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ મહામંત્રનો જાપ ચાલુ કર્યો. ત્યાં તો ફરી મહાપ્રભુ સ્વામિનારાયણ તે જ રૂપ ધારણ કરી નવાબ સાહેબ પાસે આવ્યા ને કહ્યું કે, "હે નવાબ, અમે ખુદા છીએ. જો આ નિર્દોષ વણિકને ફરી હેરાન કરવાનો પ્રયત્ન કર્યો છે તો સમજજે હું તને હિન્દુ કરી દઈશ." અને ત્યારથી વણિક દીવાનની આપત્તિ સદાયને માટે ટળી ગઈ. આમ, વણિક કુટુંબે સહિત **શ્રીજીમહારાજ**ના અનન્ય આશ્રિત થયા.

**(પ્રસંગ ભક્તચિંતામણિ : પ્રકરણ ૧૩૦ના આધારે)**

## પ્રસંગ-૨

સૌરાષ્ટ્રમાં માણસા કરીને ગામ છે. એના ગામધણી મામૈયા વરુ હતા. તેમને એક પુત્ર હતો વાલેરો. આ વાલેરાને નાનો મૂકી તેની મા મૃત્યુ પામી. આથી વાલેરાના પિતા મામૈયા વરુએ બીજાં લગ્ન કર્યાં. પણ નવી આવેલી માએ સમય જતાં મામૈયાની મિલકતમાંથી વાલેરાને ભાગ આપવા ન દીધો. વાલેરાએ મિત્રના સહકારથી જ્યાં સુધી પોતાનો ગરાસ ન આપે ત્યાં સુધી લોકોમાં લૂંટફાટ કરી બહારવટું ખેલવાનું 'પ્રણ' લીધું. તેનો ત્રાસ આજુબાજુના ગામમાં ખૂબ વર્તવા લાગ્યો હતો.

એવામાં એક દિવસ જૂનાગઢથી અનાદિમુક્ત સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં આ પંથકમાં પધાર્યા. હરિભક્તોએ આ વિસ્તારમાં થતી લૂંટફાટ ને ચાલતા ત્રાસની વાતથી સ્વામીને માહિતગાર કર્યા જ હતા, ત્યાં તો સામેથી જ ઘોડે ચડી આ વાલેરો વરુ અને તેના સાગરીતો આવતા દેખાયા. જ્યાં સ્વામીની નજીક આ વાલેરો આવ્યો ત્યાં નિર્ભય એવા સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ વાલેરાને ઊભો રાખીને કહ્યું, "વાલેરા, આ લૂંટફાટ કરી પ્રજાને હેરાન કરીશ તો યમપુરીનાં દુઃખો ભોગવવાં પડશે ને ચોર્યાસી લાખ ફેરા ફરવા પડશે માટે આ ધંધો છોડી દે." સદ્ગુરુશ્રીના આ શબ્દોએ વાલેરાનું હૃદય ભેદી નાખ્યું. વાલેરાએ ઘોડેથી નીચે ઊતરી સ્વામીના ચરણમાં

બેસીને બધી માંડીને વાત કરી, આજીજી કરી કે, ''હે સ્વામીજી, જો મારો ગરાસ મને મળી જાય તો મારો આ ધંધો હું છોડી દેવા તૈયાર છું.'' દયાળુ મૂર્તિ સદ્‌ગુરુ તુરત પોતાની પ્રસાદીની માળા વાલેરાના હાથમાં આપી બોલ્યા કે, **''વાલેરા, આ માળાને ઘેર લઈ જઈ સર્વોપરી એવો 'સ્વામિનારાયણ' મહામંત્ર છે તેનું ભજન કરજે. જા, આજથી આઠમા દિવસે તારા પિતા તને સામેથી બોલાવી તારો ગરાસ આપશે, તો તું જૂનાગઢ આવી સત્સંગી થજે.''**

વાલેરો સદ્‌ગુરુના આ આશીર્વાદ સાંભળી રાજી રાજી થઈ ગયો અને બોલ્યો, ''પણ સ્વામીજી, હું અભણ માણસ છું, મને દિવસ ગણતાં આવડતું નથી. તેથી મને કેમ ખબર પડે કે આઠ દહાડા પૂરા થયા ?'' સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાલેરાની મૂંઝવણના ઉકેલ રૂપે તેના પહેરેલા કેડિયાની કસુને આઠ ગાંઠો વાળી દીધી ને કહ્યું, ''જા વાલેરા, આ કસુની રોજ એક ગાંઠ છોડતો જજે. જેમ જેમ આ ગાંઠ છૂટતી જશે એમ એમ તારા બાપના અંતરમાં પડી ગયેલી આંટી પણ છૂટતી જશે. **'સ્વામિનારાયણ'** મહામંત્ર બહુ જ બળિયો છે તે જરૂર તારા બાપને સદ્‌બુદ્ધિ આપશે.'' અને પૂર્ણ વિશ્વાસથી વાલેરાએ ઘેર જઈ, બારણું બંધ કરી માંડ્યું એક શ્વાસે રટણ કરવા, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** બીજી બાજુ આ બળિયા મહામંત્રના પ્રતાપે પિતા મામૈયા વરુ ને તેમનાં નવાં પત્નીને પોતે કરેલા અન્યાય રૂપે પશ્ચાત્તાપ થવા મંડ્યો. ને બરોબર આઠમે દા'ડે સવારે મામૈયા વરુએ ચાકર મોકલ્યો. વાલેરાને દરબારમાં બોલાવી, પોતાની મિલકતમાંથી અડધો ભાગ આપી, વર્ષોના જૂના ઝઘડાનું સાથે જમવા બેસી સમાધાન કર્યું. મિલકતમાં ભાગ મળતાં વાલેરો તરત સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે જઈ, પોતે કુટુંબે સહિત કંઠી બાંધી સત્સંગી થયો.

વાહ પ્રભુ, વાહ ! કેવો આપના મહામંત્રનો મહાપ્રતાપ !

## પ્રસંગ-૩

એક નાનકડું ગામ હતું. જેમાં કરમશીભાઈ નામના એક સોની ભક્ત રહેતા હતા. ઘરમાં માત્ર પતિ-પત્ની બે જ વ્યક્તિ રહેતાં અને ભગવાન **સ્વામિનારાયણ**નું સુખેથી ભજન કરતાં. પણ ગામમાં અન્ય સગાંસંબંધીઓનો અતિશે વિરોધ હતો. છતાં હિંમતથી આ બંને પતિ-પત્ની મહારાજના બળે સંસારચક્ર ચલાવી રહ્યાં હતાં. એવામાં મહારાજની દયાથી એમને ત્યાં એક પુત્રનો જન્મ થયો. બંને પતિ-પત્ની પુત્રને પ્રભુની આપેલી થાપણ સમજી પાળી-પોષી રહ્યાં હતાં. એવામાં એક મહામોટું સંકટ આવ્યું. બન્યું એવું કે પુત્ર હજી ત્રણ માસનો થયો ત્યાં ભક્તનાં પત્ની બીમાર પડ્યાં ને મહારાજે એમને પોતાના ધામમાં બોલાવી લીધાં. સમજણે યુક્ત એવા આ હરિભક્તને પત્નીના વિયોગનું દુઃખ નહોતું. પણ નાનકડા આ પુત્રને તેની મા વિના સ્તનપાન કરાવી કોણ મોટો કરશે ? એ મોટું દુઃખ હતું. ભગત મૂંઝાયા, હવે શું કરવું ? આ બાળકને કેમ મોટો કરવો ?

અને ખૂબ દુઃખી થઈ ગયેલા આ ભક્તરાજે 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા સમજી, મહારાજની મૂર્તિ સમક્ષ રાત્રે બેસી માંડ્યું ભજન ને પ્રાર્થના કરવા. ચોધાર આંસુએ ગદ્‌ગદ થઈ પ્રગટભાવે મહાપ્રભુને પ્રાર્થના કરતા હતા : **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરતા હતા.

પરિણામે વહેલી સવારે કરુણાસાગર એવા મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને ભક્તને તેજોમય દર્શન આપી કહ્યું કે, ''હે ભક્તરાજ, ચિંતા ના કરશો. બધાં સારાં વાનાં થઈ જશે. પુરુષના સ્તનમાં કદી દૂધ ન આવે પણ આ બાળકને તમે સ્તનપાન કરાવી મોટો કરજો. જાવ એ આપના માટે અશક્ય શક્ય બનશે. બાળક એમ કરતાં મોટું થશે.''

આમ, દિવ્ય આશીર્વાદ આપી મહાપ્રભુ અદૃશ્ય થયા. આપેલ વરદાન મુજબ ભક્તએ બાળકને સ્તનપાન કરાવી મોટો કર્યો.

આ મહાપ્રતાપ છે... સર્વોપરી **'સ્વામિનારાયણ'** મહામંત્રનો.

## ૧૨ મહામંત્રના પ્રતાપે

## સદ્બુદ્ધિ જાગી

એક નાનકડું ગામ હતું. ગામમાં શ્રીજીમહારાજનો આશ્રિત એક સત્સંગી પરિવાર વસતો. આ પરિવારની એક સંસ્કારી યુવતીનાં લગ્ન થયાં. તેને મા-બાપે સાસરે વળાવી, પણ સાસરિયામાં સત્સંગ નહીં. એટલું જ નહિ, પણ બધા સ્વામિનારાયણ સંપ્રદાયના સખત વિરોધી. એટલે આ ઘરમાં આવેલ સત્સંગી વહુને સત્સંગ છોડાવવા તેની પૂજા ફેંકી દીધી, તેની કંઠી પણ તોડી નાખી, સાથે સ્વામિનારાયણનું નામ પણ નહિ લેવાનું ફરમાન કર્યું.

હવે બાળપણથી જે સત્સંગના રંગે રંગાયેલી હતી તે બાઈને કેટલું દુઃખ થાય ! આ અતિ દુઃખી થઈ ગયેલી દીકરીએ સાસરેથી પિયર આવીને તેનાં માબાપને પોતાના સાસરે ભગવાન ભજવા માટે પડતી મુશ્કેલીઓની વાત કરી. એ જ સમયે ગામના મંદિરમાં સંતો આવેલા. આથી સંતોને આ દીકરીના પિતાએ દીકરીના દુઃખની વાત કરી. સંતોએ કહ્યું કે, ‘‘દીકરીને કહેજો કે ઘરમાં રસોઈ બનાવતી વખતે, પાણી ભરતાં, તેલ અને ઘી ગાળતાં સર્વે ક્રિયામાં ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ મહામંત્રનું મનમાં અખંડ રટણ ચાલુ રાખે. આ મહામંત્રના રટણ સાથે થયેલી રસોઈ ઘરના જે સભ્યો જમશે તે

સૌને મહાપ્રભુ સદ્‌બુદ્ધિ આપશે ને જરૂર તે બધા સત્સંગી થશે.'' અને સંતોની આજ્ઞા મુજબ આ દીકરી સાસરે જઈ રોટલી કે દાળ, ભાત ને શાક બનાવતાં સર્વે ક્રિયામાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' મનમાં ભજન ચાલુ રાખે. તેમ કરતાં દિવસે દિવસે ઘરના સૌ સભ્યોની બુદ્ધિ નિર્મળ થતી ગઈ ને સર્વેને સત્સંગ પ્રત્યે કૂણી લાગણી વર્તવા લાગી. એમ કરતાં કરતાં થોડો સમય વીત્યો ત્યાં તો એક દિવસ આ દીકરીનો પતિ તેને કહે કે, ''તું આ વખત તારા પિતાના ઘરે જાય ત્યારે કંઠી ને પૂજા લઈ આવજે. મારા માટે પણ કંઠી લઈ આવજે.'' આમ ધીમે ધીમે આ 'સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે ઘરના સૌ સભ્યો સત્સંગી બન્યા. માટે કહ્યું છે કે,

**"તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે."**

# ૧૩ મહામંત્રના પ્રતાપે કામવાસના બળી ગઈ

### પ્રસંગ-૧

પંજાબ પ્રાંતની વાત છે. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી સદ્. શ્રી સુખાનંદ સ્વામી આદિક પાંચ સંતો સત્સંગ માટે પંજાબની ભૂમિ પર પધાર્યા હતા. ચોમાસાનો સમય હતો. એક વૃક્ષની છાયામાં સંતો ઊતર્યા હતા. સાંજના સમયે એકાએક ત્યાં વરસાદ તૂટી પડ્યો. સંતો વરસાદમાં પલળી થર થર ધ્રૂજતા બેઠા હતા. ત્યાં સામે એક ભવ્ય મહેલના ઝરૂખે બેઠેલી સ્વરૂપવાન સ્ત્રીએ સંતોને ધ્રૂજતા જોયા ને દયા લાવી તેણે સેવકને સંતો પાસે મોકલી, પોતાના મહેલમાં ઉતારો કરવા વિનંતી કરી.

સંતો મહેલમાં આવ્યા અને આ સેવક સાથે મહેલની માલિક સ્ત્રીને નીચે નહિ આવવાની સૂચના મોકલી. આ સ્ત્રીના આગ્રહથી ત્રણ દિવસના ઉપવાસ પછી સંતો ખીચડી બનાવીને જમ્યા. હવે રાત્રિનો સમય હતો. પેલા નોકર પાસે સંતોએ ‘‘આ મહેલ કોનો છે ? અહીં કોણ રહે છે ?’’ તે વિશે પૂછપરછ કરી. ત્યાં જવાબ મળ્યો કે, ‘‘પંજાબના રાજા રણજિતસિંહની રખાત એક વેશ્યા બાઈ મહેલમાં રહે છે.’’ સંતો આ જવાબથી હેબતાઈ ગયા. પણ તુરત દયાળુ સંતોએ ‘સ્વામિનારાયણ’ મહામંત્રની ધૂન ઉપાડી. આખી રાત ધૂન કરી. જેમ જેમ મહામંત્રની ભણક ઉપર બેઠેલી વેશ્યા બાઈના કાને પડતી ગઈ એમ એમ તેનું હૈયું નિર્મળ થતું ગયું. તેની અંતરની મલિન વાસના બળતી ગઈ અને ધીમે ધીમે એ પણ ધૂન્ય સાથે ધૂન્ય બોલવા લાગી. એમ કરતાં સવાર પડ્યું ને

સંતો નાહી-પરવારી ત્યાંથી વિદાય થયા. આ સ્ત્રીએ પાછળથી ઝરૂખામાં ઊભા રહી સંતોનાં દર્શન કર્યાં.

એક દિવસ, બે દિવસ ને ત્રણ દિવસ થયા. આ સ્ત્રીનું આખુંય વિષયભોગથી ખરડાયેલું માનસ બદલાઈ ગયું. તેના આત્મામાં સળવળાટ થયો ને એક દિવસ પોતે કરેલાં પાપોના પશ્ચાત્તાપ રૂપે આ વેશ્યાબાઈ વૈરાગણ બની ગઈ. મહેલ છોડી ચાલી નીકળી. જતાં જતાં નોકરોને કહેતી ગઈ કે, ''રાજા રણજિતસિંહને કહેજો કે, હવે મારાં હાડ, માંસ અને રુધિરથી ભરેલા દેહમાં આસક્ત ન થાય. હવે હું અવિનાશી વરને વરવા જઈ રહી છું. હું તેમને પામીને જ રહીશ, માટે મને શોધશો નહીં.''

જંગલમાં જઈ એક નદીકિનારે પર્ણકુટિરમાં આ સ્ત્રીએ નિવાસ કર્યો. ને ભગવાન સ્વામિનારાયણને પામવા માટે સંતોના મુખે સાંભળેલા **'સ્વામિનારાયણ'** મહામંત્રનું રટણ ચાલુ કર્યું. જ્યાં સુધી મહાપ્રભુનો ભેટો ન થાય ત્યાં સુધી અન્નજળનો ત્યાગ કર્યો. બસ, અખંડ **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..'** મહામંત્રનું રટણ ચાલુ કર્યું.

આ બાજુ રાજા રણજિતસિંહ કામાસક્ત થઈ મહેલમાં આવ્યા. તેની રખાત સ્ત્રીને ત્યાં ન જોતાં વાસનાની આગમાં ભભૂકી ઊઠેલ રાજા તેની શોધમાં નીકળ્યા. આ સ્ત્રીનો અનશનવ્રતનો આજે આઠમો દિવસ હતો. તેના મુખમાં છેલ્લા આઠ આઠ દિવસથી મહામંત્રનું અખંડ રટણ હતું. પરિણામે તેની વાસના સંપૂર્ણ બળીને ભસ્મીભૂત થઈ ગયેલી. એવી આ પ્રભુમાં આસક્ત બનેલી સ્ત્રીનો જ્યાં રાજા રણજિતસિંહને જોગ થયો અને તેના તેજસ્વી મુખારવિંદ સામું નજર કરી ત્યાં કામાસક્ત થયેલા રાજા રણજિતસિંહની વાસના પણ તત્કાળ બળી ગઈ. સાથે સાથે ભગવાન **સ્વામિનારાયણે** દિવ્ય રૂપે દર્શન આપી આ સ્ત્રીને પોતાના ધામને વિશે દિવ્ય ગતિ આપી. એટલું જ નહિ, મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજી ચૂકેલ રાજા રણજિતસિંહને પણ શ્રીજીમહારાજ ૨૭મી જૂન, ૧૮૩૯ના રોજ દર્શન આપી ધામમાં તેડી ગયા.

ધન્ય હો... ધન્ય હો... આ દિવ્ય ને ભવ્ય સ્વામિનારાયણ મહામંત્રના પ્રૌઢ પ્રતાપને ! (આ પ્રસંગની નોંધ 'પંજાબ કા ઇતિહાસ' નામના પુસ્તકમાં લેવાઈ છે.)

## પ્રસંગ-૨

કાશીના રાજા અનોપસિંહ હતા. તેમનાં ધર્મપત્ની ઈડરના રાજાનાં દીકરી હતાં. પરણીને પતિગૃહે આવ્યાં ત્યારે કરિયાવરમાં પિતાના ઘેરથી **સ્વામિનારાયણ** ભગવાનની મૂર્તિ અને સત્સંગ લાવેલાં. તેમને ઘેર એક કુંવરીનો જન્મ થયો. જે મોટી થતાં ખૂબ રૂપવાન અને ગુણવાન બની. એક દિવસ રાજા અનોપસિંહ જંગલમાં દૂર દૂર નીકળી ગયા. તે સમયે એક સિંહે ગર્જના કરી, રાજા અનોપસિંહ ઉપર તરાપ મારી અને જ્યાં રાજાને મોતને શરણ ઉતારવા જાય છે ત્યાં તો સાથે રહેલા રાજાના એક અંગરક્ષકે બંદૂકની ગોળીથી સિંહને ઠાર કર્યો ને રાજા બચી ગયા. બીજા દિવસે ભરદરબારમાં રાજાએ ખુશ થઈ આ અંગરક્ષકને પોતાના કરેલા બચાવના બદલામાં કંઈક માંગવા કહ્યું. આ અંગરક્ષક ઘણા સમયથી રાજાની યુવાન કુંવરીના રૂપમાં મોહ પામ્યો હતો. કામાસક્ત થઈ તેણે "આપની કુંવરીનાં મારી સાથે લગ્ન કરો" એમ માગ્યું. રાજા ને રાણી તો આ સાંભળી એકદમ અવાચક બની ગયાં, પણ મહાપ્રભુ ભગવાન **સ્વામિનારાયણ**માં અનન્ય નિષ્ઠા ધરાવતી યુવાન કુંવરીએ સમય સાચવી લઈ અંગરક્ષકને ભરદરબારમાં સ્પષ્ટપણે કહી દીધું કે, "ભલે, હું આપની સાથે લગ્ન કરવા તૈયાર છું. પણ એક શરત કે તમામ સગવડે યુક્ત એવા ઓરડામાં તમારે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સામે બેસી, હાથમાં માળા લઈ, છ માસ સુધી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ અખંડ ભજન કરવાનું. ત્યાં સુધી રૂમની બહાર પણ નીકળવાનું નહીં."

અને શરત મુજબ એક બંધ રૂમમાં શ્રી સહજાનંદ સ્વામીની એક ચક્ષુની પ્રસાદીની મૂર્તિ આગળ બેસી મોહાંધ બનેલ આ અંગરક્ષકે સ્વામિનારાયણ

મહામંત્રનું રટણ ચાલુ કર્યું અને આહા... હા ! જે મહામંત્રના પ્રતાપે જીવની અનાદિની વાસના બળી જાય છે એવો જેનો મહિમા છે તે એમ જ બન્યું. જેમ કરવત લાકડાને વેરે એમ જેમ જેમ ભજન થતું ગયું તેમ તેમ અંતરની વાસના બળવા માંડી. ચાર મહિના પૂરા થતાં તો નિર્મળ ને નિર્વાસનિક બનેલો અંગરક્ષક બહાર આવ્યો અને સંસારનો ત્યાગ કર્યો. પછી નિષ્કામાનંદ સ્વામી નામે શ્રીજીમહારાજ પાસે દીક્ષા લીધી.

વાહ, પ્રભુ ! શું પ્રતાપ છે સ્વામિનારાયણ મહામંત્રનો !

## પ્રસંગ-૩

એક યુવાન વિદ્યાર્થી બારમા ધોરણમાં ભણે. મિત્રોના સંગે બજારમાં મળતા એવા ગ્રામ્ય સાહિત્યનું એક વાર વાંચન થઈ ગયું. પરિણામે માનસ પર ન કરવાના વિકૃત વિચારો સવાર થઈ ગયા. જ્યાં વાંચવા બેસે ત્યાં વાંચેલું ને જોયેલું બધું જ યાદ આવવા માંડે ને પરિણામે વાંચવામાં ચિત્ત ચોંટે નહીં. ખૂબ મૂંઝાય. ખૂબ અકળાય અને હતાશ થઈ જાય. ‘મારું શું થશે ? જરૂર હું નાપાસ થઈશ. મારી જિંદગી ખતમ થઈ જશે...’ એવા વિચારોથી ભયભીત થઈ ગયો. ત્યાં એને એક સંતનો યોગ થયો. એમણે મહામંત્રની મંત્રપોથી (નોટ) લખવા આપી ને કહ્યું, “રોજ અડધો કલાક ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ મહામંત્રનું લેખન કરજે, શ્રીજીમહારાજ તારા પર કૃપા કરશે.” અને તેણે આ સંતની આજ્ઞા શિરે ચડાવી મંત્રપોથીમાં મંત્રલેખનકાર્ય શરૂ કર્યું. દિવસે દિવસે આ મહામંત્રના પ્રતાપે અંતરના ગંદા વિચારો નષ્ટ થવા માંડ્યા. ભણવામાં-વાંચવામાં ચિત્ત ચોંટવા લાગ્યું અને બારમા ધોરણની પરીક્ષામાં સારામાં સારા ગુણોથી તે ઉત્તીર્ણ થયો. આમ, જીવનની આખી કૅરિયર સચવાઈ ગઈ. તેથી જ કહ્યું છે ને,

**“જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.”**

આવો, આપણે પણ રોજ અડધો કલાક કે કલાક એકાગ્ર ચિત્તે પ્રભુમાં વૃત્તિ રાખી સ્વામિનારાયણ મહામંત્રનું લેખન કરીએ.

:

# ૧૪ મહામંત્રના પ્રતાપે

# મહારોગ મટ્યા છે

## પ્રસંગ-૧

ગોંડલ ગામના ગામધણી દાદભાનો આ પ્રસંગ છે. ચાલીસ વર્ષની ઉંમરે અચાનક તેમની આંખોનું તેજ હણાઈ ગયું. આંખે તદ્દન અંધાપો આવી ગયો. નાનકડી ઉંમરે આવેલ આ પરાધીનતાથી દાદભા ખૂબ દુઃખી થઈ ગયા.

એમાં એક દિવસ જૂનાગઢથી સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ગોંડલ ગામના મંદિરે પધાર્યા છે એવી દાદભાને જાણ થઈ. તેઓએ માણસ મોકલી સદ્ગુરુને પોતાના ઘરે પધરામણીએ તેડાવ્યા. સ્વામીશ્રી જેવા ઘેર આવ્યા કે તુરત દાદભાએ પોતાની દર્દભરી હકીકત કહી.

સ્વામી પાસે ખૂબ પ્રાર્થના કરી. સ્વામીશ્રી તો અતિ દયાળુ જ હતા. તેથી સ્વામીશ્રીએ દાદભાને કહ્યું, “ચિંતા કરશો મા. **અમારા ઈષ્ટદેવે આપેલ સ્વામિનારાયણ** મહામંત્ર ખૂબ બળિયો છે. ભગવાન **સ્વામિનારાયણ**નો ખૂબ મોટો આશીર્વાદ છે. માટે આપ બ્રહ્મચર્યનું વ્રત લો ને આખો દિવસ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ ભજન ચાલુ કરો, જરૂર મહાપ્રભુ સારાં વાનાં કરશે.” દાદભાએ સ્વામીશ્રીની આજ્ઞા માથે ચડાવી, આખો દિવસ ને રાત આ મહામંત્ર જપવા માંડ્યો. સદ્.

ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ અને મહામંત્રના રટણ સાથે એક... બે... ને ત્રણ... એમ કરતાં જેમ જેમ દિવસ પસાર થતા ગયા તેમ તેમ તેમની આંખોનું તેજ ફરી આવવા લાગ્યું. સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સાત દિવસમાં ફરી પાછા પૂર્વવત્ દેખતા થઈ ગયા.

વાહ દયાળુ, વાહ ! શું આપના પ્રૌઢ પ્રતાપી મહામંત્રનો પ્રતાપ !

## પ્રસંગ-૨

અમદાવાદ કાંકરિયામાં પ્રાણી સંગ્રહાલય ખાતે નોકરી કરતા ઉત્તરપ્રદેશના વતની શ્રી જગદીશભાઈ મૌર્યના જીવનમાં બનેલો પ્રસંગ છે. તેઓ અત્યંત ટૂંકા સમયમાં એસ.એમ.વી.એસ. સંસ્થાના પૂ. સંતોના સંગે ખૂબ બળિયા થયા. અને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અતિ કૃપાવાન હરિભક્ત બન્યા.

એક વખત જગદીશભાઈના કાકા તેમના વતનમાં ધામમાં ગયા. તેથી તેઓ તેમના લોકવ્યવહારે ઉત્તરપ્રદેશમાં ગયા. તેઓ વતન પહોંચ્યા બાદ ઘરના સર્વે સભ્યો એક રાતે સાથે બેઠા હતા. તેવામાં તેમના એક દૂરના મામા ગંગાદીન મૌર્યે તેમને વાત કરી કે, ‘‘છેલ્લા આઠ માસથી મેં ઘણા ઉપાયો ને ઘણી દવાઓ કરી છતાં મને ઊંઘ નથી આવતી એટલે કે મને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે.’’ આમ, વાત કરતાં તેઓએ વધુમાં જણાવ્યું કે, ‘‘હવે લાગે છે કે ટૂંક સમયમાં જ મારું મગજ અસ્થિર થઈ જશે.’’

આ સાંભળતાં જગદીશભાઈની શ્રીજીમહારાજ પરત્વેની નિષ્ઠા ઝળહળી ઊઠી. તેમણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી મામાને કહ્યું જે, **‘‘આપ જો શ્રદ્ધા ને વિશ્વાસ રાખો તો અમારા સર્વોપરી ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ‘સ્વામિનારાયણ’ મહામંત્ર ખૂબ બળિયો છે. લ્યો આ માળા ને સૂતાં સૂતાં મંત્રજાપ કરો. એ તમારી દવા સમજજો. શ્રીજીમહારાજ જરૂર ઊંઘ લાવી દેશે.’’** આ ગંગાદીનભાઈ અનિદ્રાને લીધે ખૂબ કંટાળેલા જ હતા. તેથી તેઓ જગદીશભાઈએ સૂચવેલ ઉપાય અજમાવવા તૈયાર થઈ ગયા.

પરંતુ તેમણે તો પહેલવહેલું સ્વામિનારાયણ નામ સાંભળ્યું હતું એટલે મહાપરાણે નામ આવડ્યું. તેઓ રાત્રે નવ વાગે માળા લઈ સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતાં કરતાં એક અલગ રૂમમાં સૂતા.

ગંગાદીનભાઈ શ્રીજીમહારાજની કૃપાએ સવારે સાત વાગ્યા સુધી ખૂબ ગાઢ નિદ્રામાં સૂતેલા એવું જગદીશભાઈએ જોયું. જ્યારે તેઓ જાગ્યા ત્યારે અતિશે પ્રફુલ્લિત થઈને કહ્યું કે, ‘‘ફકત પંદર-વીસ મિનિટ સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવી ત્યાં તો ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ખરેખર આ મહામંત્ર ખૂબ પ્રતાપી છે.’’ ને ત્યારથી આજ સુધી ગંગાદીનભાઈ રોજ માળા લઈને સૂએ છે. અને હજુયે વગર દવાએ તેમને આ મહામંત્રનું રટણ કરતાં ગાઢ નિદ્રા આવી જાય છે.

વાહ પ્રભુ, વાહ !

# ૧૫ મહામંત્રના પ્રતાપે

## યમના દૂત ભાગ્યા

### પ્રસંગ-૧

આપણા સત્સંગમાં બનેલો પંચમહાલ જિલ્લાનો આ પ્રસંગ છે. સંતરામપુર તાલુકાનું નાની ભુગેડી નામનું નાનકડું ગામ. આ ગામમાં ચંદુભાઈ પંચાલ નામે સત્સંગી રહેતા. પણ એમનો નાનો પુત્ર પ્રદીપ મેલીવિદ્યા ને મંત્ર-તંત્રનો સાધક બની ધૂણતો ને અંધશ્રદ્ધાળુ લોકોને છેતરતો. આપણા સંતો એક વખત ચંદુભાઈને ઘેર પધાર્યા. તો દેહાભિમાની એવા પ્રદીપે કંઠી ન બાંધી.

એક વખત રાજસ્થાનની સરહદના એક ગામમાં કોઈને ભૂત વળગેલું. તે કાઢવા આ પ્રદીપ ત્યાં ગયેલો. પણ તેની મેલીવિદ્યા અવળી પડી. તે પછડાયો, મોંમાંથી લોહીની ઊલટીઓ થવા માંડી. મૂર્છાવશ થઈ ગયો. તેને તાત્કાલિક ઝાલોદની હૉસ્પિટલમાં દાખલ કર્યો. ડૉક્ટરો છૂટી પડ્યા. તેથી તેને ઘરે લાવ્યા. બધાં સગાંસંબંધીઓ તેને વીંટળાઈને બેઠાં હતાં. એમાં રાત્રિના બાર વાગે તેમના પિતા શ્રી ચંદુભાઈને બે વિકરાળ યમદૂત દેખાયા. ક્ષણવારમાં તો આ પ્રદીપના દેહમાંથી જીવ ચાલ્યો ગયો અને તે મૃત્યુ પામ્યો. સૌએ રોકકળ શરૂ કરી. એ સમયે ચંદુભાઈને ગોધરના સમૈયામાં ગુરુદેવ પ.પૂ.બાપજીના મુખે

સાંભળેલો **'સ્વામિનારાયણ'** મહામંત્રનો મહિમા યાદ આવ્યો. તેમણે તુરત ઘરમાં રહેલી ઘનશ્યામ મહારાજ ને બાપાશ્રીની મૂર્તિ લાવી મૃત્યુ પામેલા પ્રદીપના શબ પર મૂકી. બધાએ ભેગા મળી **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન્ય શરૂ કરી ને બરાબર એક જ કલાક થયો હશે ત્યાં પ્રદીપના દેહમાં સળવળાટ થયો. ને બીજી બાજુ યમના દૂતોને ચંદુભાઈએ ભાગતા જોયા.

એ જ સમયે ઘરનું પાછલું બારણું તૂટીને પડ્યું.

થોડી વારમાં પ્રદીપ ભાનમાં આવ્યો અને તેણે મને સ્વામિનારાયણ ભગવાને બચાવ્યો તેની વાત કરી. બીજે દિવસે તા. ૨૪-૧૨-૧૯૯૫ના રોજ ગોધર મંદિરે સમૈયો હતો. ત્યાં બંને બાપ-દીકરો આવ્યા ને તેમણે સભામાં આ પ્રસંગ વર્ણવ્યો. પ્રદીપ પણ કંઠી બાંધી ચુસ્ત સત્સંગી બન્યો.

આવા અલૌકિક મહાપ્રતાપી મહામંત્રનું જાણે-અજાણે, ભાવે કે કુભાવે એકાદ વખત નામ લેવાઈ ગયું હશે તોય મહાપ્રભુએ તેના જન્મમરણના ફેરા ટાળ્યા છે.

## પ્રસંગ-૨

કારિયાણી ગામમાં મંદિરની પાછળ એક ડોસીમા રહેતાં હતાં. તે સ્વામિનારાયણ ભગવાનના એવા વિરોધી કે ભૂલમાંય કદી સ્વામિનારાયણ ભગવાનનું નામ ન બોલે. મહારાજને આ વાતની ખબર પડી. તેથી એક વખત મહારાજે દઢ સંકલ્પ કર્યો કે ડોસીને કોઈ પણ રીતે સ્વામિનારાયણનું નામ લેવડાવવું. તેથી મહાપ્રભુએ ભગુજીને એક દિવસ સવારે કહ્યું કે, ''ભગુજી, આ ડોસીના છાપરા ઉપર આ રોકડા રૂપિયા નાખો.'' ભગુજીએ મહારાજની આજ્ઞા મુજબ બે-ચાર રૂપિયા જેવા છાપરા ઉપર નાખ્યા ને તેના ખણણણ...ખણણણ... અવાજથી ડોસી ખિજાયાં ને ક્રોધાવેશમાં આવી બોલવા માંડ્યાં કે, **"આ સ્વામિનારાયણિયા મારા બેટા ફાટી ગયા છે."** આમ, ડોસી જ્યાં બોલ્યાં ત્યાં મહારાજે કહ્યું, **"ભગુજી, હવે રાખો રાખો. ડોસીનું કામ પતી ગયું. અમારે તો ડોસી પાસે એક વખત સ્વામિનારાયણ નામ**

**લેવડાવવું હતું. હવે અમે એને ધામમાં તેડી જઈશું."**

આ સંસારમાં કોઈ માથાભારે માણસ હોય તે કાયમ કહેતો હોય કે, જો મારું નામ કદી લીધું તો હું માર્યા વગર નહિ છોડું ત્યારે શ્રીજીમહારાજ કહેતા કે, જો અમારું ભૂલમાંય નામ લીધું તો તાર્યા વગર નહિ છોડું.

વાહ... પ્રભુ...વાહ !

શ્રીજીમહારાજે આપેલ મહામંત્ર મહાસમર્થ છે. તેનાથી સમસ્ત અર્થ સિદ્ધ થાય છે. છતાંય જીવ કેટલા અભાગિયા હોય છે કે આ મહામંત્ર ભૂલમાંય ન બોલે. એવો જ એક પ્રસંગ છે. એક ડોસીનો દેહાંત સમય આવ્યો. તેમની પાડોશમાં એક સત્સંગી રહે. તેમને ખબર પડી કે ડોસીનો દેહાંત સમય આવ્યો છે. તેમણે ઘણાં ન કરવાનાં કામ જીવનમાં કર્યાં છે. તે લાવ, તેનો છેડો સુધારી દઉં. એમ વિચારી એમની પાસે જઈ કાનમાં કહ્યું કે, "ડોસી, એક વખત **સ્વામિનારાયણ** મહામંત્ર બોલો તો તમારો છેલ્લો જન્મ થઈ જશે." ત્યારે ડોસી કહે કે, "હા ભઈલા, મહામંત્ર જપું તો તો બહુ સારું." "તો બોલો ડોસી, **જય સ્વામિનારાયણ.**" ત્યારે પેલા ભક્તની વાત સાંભળી ડોસી કહે કે, "બોલું તો પાપમાત્ર બળી જાય..." ત્યારે પેલા સત્સંગી ભાઈ કહે, "પણ બોલો... એક વખત તો બોલો." ત્યારે ડોસી વળી કહે, "અહોહો... બોલું તો તો શું જોઈતું'તું !" આમ, ઘણા પ્રયત્ન કર્યા પણ ડોશી એક વખત પણ **'સ્વામિનારાયણ'** નામનો ઉચ્ચાર ન કરી શક્યાં. એટલે જ કહ્યું છે ને,

**"જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;**
**તે સ્વામિનારાયણ નામ લેતા, લાજી મરે છે મુખથી કહેતા."**

એમાં આવા અદ્‌ભુત અને અલૌકિક **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉચ્ચાર નામીએ સહિત એટલે કે સ્વામિનારાયણ ભગવાન જેમનો આ મંત્ર છે, તેમની મૂર્તિની સ્મૃતિએ સહિત લેવામાં આવે તો જરૂર મહાપ્રભુજીની મૂર્તિના સુખભોક્તા થવાય. આ માટે મોટાપુરુષે કહ્યું છે કે,

**"મુખે તું સ્વામિનારાયણ બોલ, મૂર્તિમાં રહીને ડોલ."**

આવો, ધૂનથી, માળાથી, મંત્ર કાઉન્ટરથી, લેખનથી, જપથી, સ્મરણથી, અને ડિજિટલ માળાથી... આમ, કોઈ પણ રીતે રાજી કરવા, આપણા અનાદિનાં સ્વભાવ, પ્રકૃતિ અને દોષોનો પ્રલય કરવા અને હરિને ગમે એવા દિવ્યજીવન તરફ પ્રગતિ કરવા આ મહામંત્રનું અવશ્ય રટણ કરીએ.

## ૧૬ સ્વામિનારાયણ મહામંત્ર મહાત્મ્યનાં કૃપાવચનો

**(૧) "ષડાક્ષરી મંત્ર મહાસમર્થ,**
**જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;**
**સુખી કરે સંકટ સર્વે કાપે,**
**છતે દેહે મૂર્તિધામ આપે."**

આ છે 'સ્વામિનારાયણ'... છ અક્ષરના ષડાક્ષરી મહામંત્રનો પ્રૌઢ પ્રતાપ. આ છે સ્વયં શ્રીજીમહારાજના આશીર્વાદ. 'જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ' એટલે કે આ મહામંત્રના જપે કરી તમામ કાર્ય સિદ્ધ થશે. સર્વે સંકટમાત્ર કપાઈ જાય અને સુખી સુખી કરી નાખે. શું આપણને શ્રીજીમહારાજના વચનમાં વિશ્વાસ નથી ? તો મંડી પડો... દુઃખ કે પ્રશ્નોથી મૂંઝાવાની જરૂર નથી. હિંમત હારવાની કે હતાશ થવાની જરૂર નથી. બસ, કરો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' મહામંત્રનું રટણ અને અંતરથી કરો મહારાજને પ્રાર્થના અને જુઓ પછી એનાં ફળ.

પણ હા, ધીરજ રાખવી પડશે. એક જગ્યાએ રોજ વળાતું હોય તો ત્યાં જલદી સાફ થઈ જાય ને લાંબા સમયે વળાય તો સાફ થતાં વાર તો લાગશે જ. એમ આજ સુધી કશું કર્યું જ નથી તેથી મહારાજ વાર તો કરશે. પણ ધીરજ ને વિશ્વાસ રાખી મંડો. શ્રીજીમહારાજ અતિ દયાળુ છે... જરૂર

રક્ષા કરશે જ.

**(૨) સ્વામિનારાયણ મહામંત્રનો જાપ ત્રણ રીતે થાય :**

**કનિષ્ઠ :** જીભથી - ઉચ્ચ સ્વરે કરાતો જાપ.

**મધ્યમ :** નાભિમાંથી મનમાં - હોઠ, દાંત, જીભ ન હલે તે રીતે કરાતો જાપ.

**ઉત્તમ :** નામીએ સહિત નામ લેવાય - મૂર્તિમાં રહી, પોતાપણાનો ભાવ છોડી જાપ કરવો.

જેમ સફરજનનું નામ બોલતાં સફરજન દેખાય છે તેમ મહારાજનું નામ લેતાં મહારાજની મૂર્તિ ધરાય ને જાપ થાય. એટલે જ તો કહ્યું છે,

**"સ્વામિનારાયણ જીભે રટતાં, જન્મમરણ દુઃખ જાય;**
**નામીએ સહિત નામ જ જપતાં, મૂર્તિમાં લેલીન થાય."**

**(૩) ભજન ને ધૂન ત્રણ પ્રકારે થાય છે અને એ પ્રમાણે રાજીપારૂપી ફળ મળે છે. જેમ કે,**

(૧) ઔપચારિકતાથી કે નિયમ સાચવવા પૂરતું થાય તો તે કર્યું તે ન કર્યા બરાબર છે. તેનું ફળ એક રૂપિયા જેટલું.

(૨) મૂર્તિ સંભારીને ધૂન-ભજન થાય તો તેનું ફળ એક હજાર રૂપિયા જેટલું.

(૩) મૂર્તિમાં રહીને ધૂન-ભજન થાય તો તેનું રાજીપારૂપી ફળ કરોડો રૂપિયા જેટલું મળે. આ લટક મોટાપુરુષ થકી શીખવી.

**(૪) મનનો ધર્મ છે સંકલ્પ-વિકલ્પ કરવાનો. સંકલ્પ-વિકલ્પનો વિરામ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે સ્વામિનારાયણ મહામંત્રનું ભજન.** ગમે ત્યારે, ગમે તે સ્થાનમાં, પવિત્ર દેહે, અપવિત્ર દેહે પણ ભજન કરી શકાય. માટે હાલતાં- ચાલતાં, સેવા કરતાં કરતાં અખંડ ભજન કરવું. આને લીધે ઓછું

બોલવાની ટેવ પડે. જેનાથી, (૧) વ્યર્થ સમય ન બગડે. (૨) અંતર્વૃત્તિ થાય. (૩) બીજાં નુકસાન ન થાય. (૪) અંતર શુદ્ધ થાય.

આમ, ફાયદા જ ફાયદા છે. માટે હાલતાં-ચાલતાં સર્વે ક્રિયામાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ ભજનની ટેવ પાડી દેવી.

# ૧૭ સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરવાનાં સાધનો

**(૧) સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય**

આપણા વિસ્તારમાં, ગામમાં કે ઘરમાં રોજ કે અઠવાડિયે અમુક સમય નક્કી કરી આ મહામંત્રની ધૂન્ય વડે વાતાવરણને પવિત્ર ને દિવ્ય બનાવીએ, મહાપ્રભુ ખૂબ રાજી થાય.

**(૨) માળા**

શું આપણે સંકલ્પ ન કરી શકીએ કે ઓછામાં ઓછી આપણી ઉંમર જેટલી માળા તો આપણે અવશ્ય ફેરવવી જ ! અને વધુ ૨૫, ૫૦ કે ૧૦૦ના અંકમાં ફરે તો અતિ ઉત્તમ. પણ માળા એકાગ્રતાથી ભગવાનમાં વૃત્તિ રાખીને, મૂર્તિ ધારીને, નામીએ સહિત ફેરવાય તો જ માળાનું ફળ મળે.

**(૩) મંત્ર કાઉન્ટર**

સત્સંગના કે વ્યવહારના કામમાં આવતાં-જતાં કે મુસાફરી દરમ્યાન કોઈ પણ સમયે સહેજ નવરાશનો સમય મળે કે તરત જ મંત્ર કાઉન્ટરનું બટન દબાવતાં દબાવતાં, ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ મહામંત્રનો જાપ શરૂ કરી દઈએ.

**(૪) મંત્રલેખન**

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... આ મહામંત્રથી મંત્રપોથી લખીએ.

જેમાં દૃઢ સંકલ્પ કરીએ કે રોજ મંત્રપોથીના ઓછામાં ઓછા ૧ કે ૨ પેજનું મંત્રલેખન કરવું જ છે.

**(૫) અખંડ સ્મરણ**


હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયામાં મનમાં કે નાભિમાંથી મંત્રજાપ કરવાનો પ્રયત્ન કરવો. એની સાથે ઘરમાં આવતાં કે ઘેરથી જતાં અથવા કોઈ મહેમાન કે મિત્રને મળીએ ત્યારે અથવા ફોન કરીએ કે કોઈનો ફોન આવે ત્યારે પ્રારંભે તથા અંતમાં 'જય સ્વામિનારાયણ', 'જય સ્વામિનારાયણ' બોલવાની અવશ્ય ટેવ પાડીએ અને પડાવીએ.

**(૬) પ્રભાતફેરી**

દર મહિનાની વદ એકાદશીએ આપણા વિસ્તારમાં કે ગામમાં અવશ્ય આ મહામંત્રના ઉદ્‌ઘોષ રૂપે પ્રભાતફેરીનું આયોજન કરીએ.

**(૭) ડિજિટલ માળા**

**SMVS** ઍપ્લિકેશનમાં 'મંત્ર માળા'ના વિકલ્પ દ્વારા હવે ગમે ત્યારે મોબાઈલમાં ઑનલાઈન માળા કરીએ.



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

"જ્યારે એવા ભૂંડા ઘાટ થાવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઊંચે સ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવું ને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુકતાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેમની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી."

- લોયાનું ૬ઠ્ઠું વચનામૃત

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા